અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ જુલાઈ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૬ | અંક : ૦૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### ભારે વરસાદનું એલર્ટ, શાળામાં રજા જાહેર કરાઈ

## ઉત્તરાખંડમાં આભ ફાટ્યું, જળબંબાકારની સ્થિતિ




**। (એજન્સી) દેહરાદુન, તા.૩૦ ।** વરસાદ માટે રેડ એલર્ટને ધ્યાનમાં રાખીને, સરકારે તમામ જરૂરી તૈયારીઓ સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી છે. આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત તમામ અધિકારીઓ અને વિભાગીય નોડલ અધિકારીઓ હાઈ એલર્ટ પર રહેશે. આગાહી મુજબ, ૩૦ જૂને દહેરાદૂન, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ટિહરી, પૌરી, હરિદ્વાર, નૈનીતાલ, ચંપાવત અને ઉધમસિંહ નગર જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે, જેના માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બાકીના જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૧ અને ૨ જુલાઈએ સમગ્ર રાજ્યમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. ૩ જુલાઈએ બાગેશ્વર, રુદ્રપ્રયાગ અને નૈનીતાલમાં ફરી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્ય સરકારે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને જરૂરી તૈયારીઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે. સ્થાનિક વહીવટીતંત્રને હિલચાલ પર નજર રાખવા, સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ વધારવા અને રાહત ટીમો તૈનાત રાખવા કહેવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત તમામ અધિકારીઓ અને વિભાગીય નોડલ અધિકારીઓ હાઈ એલર્ટ પર રહેશે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ, જાહેર બાંધકામ વિભાગ, PMGSY, ADB, BRO, CPWD જેવા વિભાગોને વરસાદને કારણે કોઈપણ રસ્તો અવરોધાય તો તાત્કાલિક ખોલવાની વ્યવસ્થા કરવા કહેવામાં આવ્યું છે. તમામ મહેસૂલ સબ-ઈન્સ્પેક્ટર, ગ્રામ વિકાસ અધિકારીઓ અને પંચાયત અધિકારીઓને તેમના કાર્યક્ષેત્રમાં ફરજિયાતપણે તૈનાત રહેવા સૂચના આપવા માં આવી. પોલીસ ચોકીઓ અને પોલીસ સ્ટેશનોને પણ આપત્તિ સંબંધિત સાધનો સાથે સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. કોઈપણ કટોકટીની સ્થિતિમાં સંપર્ક જાળવી શકાય તે માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના મોબાઈલ ચાલુ રાખવા કહેવામાં આવ્યું છે. અધિકારીઓને તેમના વાહનોમાં છત્રી, રેઈનકોટ, ટોર્ચ, હેલ્મેટ અને આવશ્યક વસ્તુઓ રાખવા સૂચના આપ વામાં આવી છે. જો લોકો કોઈપણ વિસ્તારમાં ફસાઈ જાય, તો તેમના સુધી આવશ્યક ખાદ્ય પદાર્થો અને દવાઓ પહોંચાડવા માટે તૈયારી સુનિશ્ચિત કરવા પણ આદેશ આપવામાં આવ્યા છે. રાજ્ય સરકાર અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે સામાન્ય નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા, નદીઓ અને નાળાઓ પાસે ન જવા અને કોઈપણ આપત્તિના કિસ્સામાં વહીવટીતંત્રનો સંપર્ક કરવા અપીલ કરી છે. ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને, રાજ્યભરની તમામ શાળાઓમાં એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન સચિવ વિનોદ કુમાર સુમને જણાવ્યું હતું કે, આજે હવામાન વિભાગે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આને ધ્યાનમાં રાખીને, ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ ધોરણ ૧ થી ૧૨ સુધી ચાલતી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં એક દિવસની રજા જાહેર કરવામાં આવી છે. આ સમય દરમિયાન તમામ આંગણવાડી કેન્દ્રો તેમજ તમામ સરકારી/બિન-સરકારી અને ખાનગી શાળાઓ બંધ રહેશે

## ૯૦ દિવસના ટેરિફ પ્રતિબંધને લંબાવવાની કોઈ યોજના નથી

**। વોશિંગ્ટન, તા.૩૦ ।** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટેરિફની સમયમર્યાદા ૯ જુલાઈએ સમાપ્ત થઈ રહી છે. આ દરમિયાન ટ્રમ્પે ટેરિફ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. અમેરિકન રાષ્ટ્રપતિએ સ્પષ્ટપણે કહ્યું છે કે ૯ જુલાઈ પછી, તેઓ ઘણા દેશો પર લાદવામાં આવેલા ટેરિફની સમયમર્યાદા લંબાવશે નહીં. તેમણે પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું હતું કે સમયમર્યાદા પૂરી થયા પછી, તેમનું વહીવટીતંત્ર એવા દેશોને નોટિસ જારી કરશે જેમની સાથે કોઈ કરાર થયો નથી. આ દેશો પર ૧૦,૨૫,૩૫ અથવા ૫૦ ટકા સુધીના ભારે ટેરિફ લાદી શકાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, અમે જોઈશું કે કયો દેશ અમારી સાથે કેવો વ્યવહાર કરે છે. અમને તેમની પરવા નથી કે કોણ સારું છે, ઠીક છે, અને કોણ નથી સારું. અમે ફક્ત તેમને ટેરિફની નોટિસ મોકલીશું. ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે આ નોટિસોમાં લખવામાં આવશે કે અમેરિકામાં વ્યવસાય કરવા માટે ભારે ટેરિફ ચૂકવવા પડશે. આ નોટિસ ૯ જુલાઈ પહેલા મોકલવાનું શરૂ થશે. તમને જણાવી દઈએ કે શુક્રવારે વ્હાઈટ હાઉસ ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે સ્વીકાર્યું હતું કે દરેક દેશ સાથે અલગ અલગ સોદા કરવા એ સરળ કાર્ય નથી. તેમના વહીવટીતંત્રે ૯૦ દિવસમાં ૯૦ વેપાર સોદા કરવાનો ટાર્ગેટ રાખ્યો હતો.

### હિમાચલ પ્રદેશમાં ચોમાસાએ તબાહી મચાવી

## પાંચ માળની ઇમારત પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી

### હવામાન કેન્દ્રે લોકોને ઘરોમાં રહેવાની સૂચના આપી છે

**। (એજન્સી) શીમલા, તા.૩૦ ।** હિમાચલ પ્રદેશમાં ચોમાસાએ તબાહી મચાવી છે. વરસાદની તીવ્રતા જોઈને લોકો ડરી ગયા છે. વરસાદને કારણે લોકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. દરરોજ આપણને અનેક નવા અકસ્માતો વિશે સાંભળવા મળે છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં પડી રહેલા મુશળધાર વરસાદને કારણે લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાથી આવી જ એક હૃદયદ્રાવક દુર્ઘટના પ્રકાશમાં આવી



છે, જેનો વાયરલ વીડિયો જોઈને તમારું હૃદય કંપી જશે. શિમલાના ભટ્ટાકુફર વિસ્તારમાં ભારે વરસાદ બાદ પહાડો પર વિનાશ સર્જાયો હતો. પાંચ માળની ઈમારત આંખના પલકારામાં પત્તાના મહેલની જેમ તૂટી પડી. આ દ્રશ્ય કેમેરામાં કેદ થયું. તમને જણાવી દઈએ કે રવિવારે (૨૯ જૂન) શિમલા હવામાન કેન્દ્રે હિમાચલ પ્રદેશના ૧૦ જિલ્લામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું હતું. શિમલા હવામાન કેન્દ્રે લોકોને તેમના ઘરોમાં રહેવાની સૂચના આપી છે. વરસાદને કારણે, શિમલા-કાલકા રેલ લાઈન પર કલાકો સુધી સેવાઓ બંધ રાખવામાં આવી હતી જ્યાં સુધી રાતોરાત વરસાદ પછી પાટા પર પડેલા કાટમાળ અને વૃક્ષો સાફ કરવામાં આવ્યા ન હતા.

## બિહારમાં ૬ યુવતી વોટરફોલમાં તણાઇ, હિમાચલમાં અત્યાર સુધી ૩૧ના મોત

**। નવી દિલ્હી, તા.૩૦ ।** પહાડી રાજ્ય હિમાચલ પ્રદેશ અને ઉતરાખંડ તેમજ બિહારમાં ભારે વરસાદના કારણે જાનમાલને નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં હિમાચલમાં ભારે વરસાદ અને વીજળી પડવાથી ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે બિહારમાં ૫ લોકોના મોત થયા છે. રવિવારે બિહારના ગયામાં લગુરાહી વોટરફોલમાં પાણીના સ્તરમાં અચાનક વધારો થવાને કારણે ૬ છોકરીઓ ભારે પ્રવાહમાં તણાઈ ગઈ હતી.

### પાર્ટી નેતૃત્વ સાથે તેમનો વિવાદ ચાલી રહ્યો હતો

## ભાજપના ધારાસભ્ય ટી રાજા સિંહે પક્ષમાંથી રાજીનામું આપ્યું

**। (એજન્સી) હૈદરાબાદ, તા.૩૦ ।** તેલંગાણાના ફાયરબ્રાન્ડ નેતા અને ગોશામહલથી ધારાસભ્ય ટી રાજા સિંહે ભારતીય જનતા પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેલંગાણા પાર્ટી નેતૃત્વ સાથે કેટલાક દિવસોથી તેમનો વિવાદ ચાલી રહ્યો હતો. ભાજપ હાઈકમાન્ડે પ્રદેશ ભાજપ પ્રમુખ પદ માટે એન રામચંદ્ર રાવના નામ પર સહમતિ દર્શાવી છે, જેનાથી તેઓ નારાજ હતા. કહેવામાં આવી રહ્યું છે કે આનાથી નારાજ થઈને તેમણે પોતાનું રાજીનામું પ્રદેશ પ્રમુખ બંદી સંજય કુમારને મોકલી દીધું છે. રાજા સિંહે આ રાજીનામાને લાખો કાર્યકરોનો અવાજ ગણાવ્યો અને કહ્યું કે આ નિર્ણય તેમના માટે પીડાદાયક છે, પરંતુ જરૂરી હતો.

રાજા સિંહે ભાજપના તેલંગાણા રાજ્ય પ્રમુખ જી કિશન રેડ્ડીને લખેલા પત્રમાં કહ્યું કે એન રામચંદ્ર રાવની નિમણૂકથી પાર્ટીના કાર્યકરો અને નેતાઓમાં ભારે નિરાશા ફેલાઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકોએ કેન્દ્રીય નેતૃત્વને ગેરમાર્ગે દોરીને આ નિર્ણય લીધો છે, જે પાર્ટીના હિતને બદલે વ્યક્તિગત હિતથી પ્રેરિત છે.

### જમીનમાં ૧૦૦ મીટર નીચે જઈને કરશે વિસ્ફોટ

## ભારત બનાવશે અમેરિકાથી પણ શક્તિશાળી બંકર બસ્ટર બોમ્બ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।** ભારતના પડોશી દેશોના શાસકોના મનની મુરાદને જોતા, હિન્દુસ્તાન સતત તેની લશ્કરી ક્ષમતાઓમાં વધારો કરી રહ્યું છે. જેના ભાગરૂપે, સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ અગ્નિ-૫ મિસાઈલનું નવું બિન-પરમાણુ સંસ્કરણ બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. આ મિસાઈલ ખાસ કરીને ભારતીય વાયુસેના (IAF) માટે બનાવવામાં આવી રહી છે જેથી દુશ્મનના કિલ્લા જેવા મજબૂત ઠેકાણાઓને પણ સરળતાથી નષ્ટ કરી શકાય. આ મિસાઈલ પાકિસ્તાન અને ચીન માટે એક મુશ્કેલ પડકાર બની શકે છે. નવી મિસાઈલ એક પ્રકારના બંકર બસ્ટર બોમ્બ હશે જે ૧૦૦ મીટર અંદર ઘૂસીને વિસ્ફોટ કરશે. મીડિયા અહેવાલો અનુસાર, અગ્નિ-૫ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) નું બિન-પરમાણુ સંસ્કરણ વિકસાવવામાં આવી રહ્યું છે. નવી અગ્નિ-૫ મિસાઈલમાં લગભગ ૭.૫ થી ૮ ટન વજનનું ભારે વોરહેડ હશે. તેનો ઉપયોગ બે રીતે થઈ શકે છે. પ્રથમ, એરબર્સ્ટ, એટલે કે, આ મિસાઈલ હવામાં વિસ્ફોટ કરી શકશે અને વિશાળ વિસ્તારને તેના વિસ્ફોટમાં આવરી લેશે. અને રનવે, એરબેઝ અને રડાર સિસ્ટમનો નાશ કરશે.

### ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ અંગે ભારત સરકારની પ્રતિક્રિયા

## ભારત અમેરિકા સાથે સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે : નાણામંત્રી

### ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે : નાણામંત્રી નિર્મલા સીતારામન

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે ટ્રેડ ડીલ કરવાની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ ભારતે જવાબ આપ્યો છે. ટ્રમ્પે અમેરિકા-ભારત વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ સમજૂતી થવાની હોવાની જાહેરાત કરી હતી, ત્યારે હવે આ મામલે નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે, 'હા, કેમ નહીં, અમે અમેરિકા સાથે સારી સમજૂતી કરવા ઈચ્છીશું. આ મામલે ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરી દીધું છે.



ભારત અમેરિકા સાથે જરૂર સારી સમજૂતી કરવા ઈચ્છશે, પરંતુ તે માટે કેટલીક શરતો લાગુ થશે. ભારતમાં એગ્રીકલ્ચર અને ડેયરી સેક્ટર માટે હજુ પણ નિશ્ચિત મર્યાદાઓ છે, જેના પર વિચારણા કરવાની જરૂર છે.'

ટ્રમ્પે રવિવારે (૨૯ જૂન) સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ભારત સહિત કેટલાક દેશો સાથે ટ્રેડ ડીલ થવાની શક્યતા છે. ટ્રમ્પે કહ્યું કે, તેમણે ૯ જુલાઈની ટ્રેડ ડેડલાઈનને વધારવાની જરૂર નથી. આ ડેડલાઈન તે દેશો માટે નક્કી કરાઈ છે જે અમેરિકા સાથે નવી ટ્રેડ ડીલ કરવા ઇચ્છે છે તેથી વધારે ટેરિફથી બચી શકાય. તેમણે ભારત સાથે ટ્રેડ ડીલ પર પણ કહ્યું કે, આ ખૂબ જ જલ્દી થઈ શકે છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું કે, 'મને નથી લાગતું કે મારે ડેડલાઈનને વધારવાની જરૂર પડશે. જો ઈચ્છીએ તો વધારી શકીએ છીએ, કોઈ મોટી વાત નથી.' નાણામંત્રીએ અમેરિકા સાથે ટ્રેડ ડેલ કેમ જરૂરી છે, તે અંગે પણ નિવેદન આપ્યું છે. તેમણે મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, 'આપણે જે સ્થિતિ પર છીએ અને જે પ્રમાણે આપણું લક્ષ્યાંક છે, તે મુજબ આપણે જેટલું વહેલું મજબૂત અર્થવ્યવસ્થાઓ સાથે સમજૂતી કરીશું, તેટલું આપણા માટે સારી વાત છે.'

ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલમાં આવી રહેલી અડચણો ટૂંક સમયમાં દૂર થઈ જશે. સમજૂતીમાં આઈટી, મેન્યુફેક્ચરિંગ, સર્વિસિઝ, ઓટોમોબાઈલ સેક્ટર સામેલ હોઈ શકે છે. આમ તો બંને દેશો વચ્ચેની ટ્રેડ ડીલ અંગે સ્થિતિ હજુ સુધી સ્પષ્ટ નથી, પરંતુ ટૂંક સમયમાં માહિતી સામે આવી જશે.સૂત્રના જણાવ્યા મુજબ, અમેરિકા અને ભારત વચ્ચે મુખ્યત્વે કૃષિ, ઓટોમોબાઈલ, ઔદ્યોગિક ઉત્પાદનો અને શ્રમજીવી પ્રોડક્ટ્સ સહિતના ક્ષેત્રો પર ડીલ થશે. અમેરિકાને કૃષિ અને ડેરી પ્રોડક્ટ્સમાં ડ્યૂટીમાં રાહત આપવાથી ભારત માટે પડકારો ઉભા થયા છે. ભારતે મુક્ત વેપાર કરારમાં ડેરી ક્ષેત્રે અત્યારસુધી કોઈ કરાર કર્યા નથી. જેથી આ ક્ષેત્રે મહત્ત્વના નિર્ણય લેવાઈ શકે છે. આ સિવાય અમેરિકા ઔદ્યોગિક ઉત્પાદનો, ઓટોમોબાઈલ્સ ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, વાઈન, પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સ, ડેરી, અને કૃષિ પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની ઈચ્છા ધરાવે છે. જ્યારે ભારતે ટેક્સટાઈલ, જેમ્સ-જ્વેલરી, લેધર ગુડ્સ, કપડાં, પ્લાસ્ટિક, કેમિકલ્સ, તેલિબિયાં સહિતની પ્રોડક્ટ્સ પર ડ્યુટીમાં રાહતની માગ કરી છે.




## સુરતના કતારગામમાં ક્રિકેટ બોક્સનો શેડ તૂટી પડ્યો

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરતના કતારગામ ડભોલી વિસ્તારોમાં આવેલા ધ ડોટબોલ ક્રિકેટ બોક્સ ખાતે કેટલાક યુવકો ક્રિકેટ રમવા ગયા હતા. આજે રવિવાર (૨૯ જૂન) રજાનો દિવસ હોવાથી યુવાનો ક્રિકેટ રમવા માટે શહેરના ક્રિકેટ બોક્સમાં ગયા હતા. ત્યારે ક્રિકેટ બોક્સનો શેડ પવનના કારણે ધરાશાયી થતાં દુર્ઘટના સર્જાઈ હતી. ધ ડોટબોલ ક્રિકેટ બોક્સનો શેડ ધરાશાયી થવાથી ક્રિકેટ રમવા આવેલા યુવાનો માંડ-માંડ બચ્યા હતા અને અન્ય યુવાનોને બચાવવા માટે શેડ પકડીને ઊભા રહ્યા હતા. સમગ્ર ઘટના મામલે સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. સદનશીબે કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી. જોકે, એક યુવાનને સામાન્ય ઈજા થઈ હતી. મળતી માહિતી મુજબ, આજે રવિવારે રજાની મજા માણવા માટે મોટી સંખ્યામાં યુવાનો કતારગામ ડભોલીમાં ધ ડોટબોલ ક્રિકેટ બોક્સમાં ક્રિકેટ રમવા માટે ગયા હતા. જ્યારે બપોરના સમયે યુવાન રમી રહ્યા હતા, ત્યારે ભારે પવનના કારણે ક્રિકેટ બોક્સનો શેડ તૂટી પડ્યો હતો અને ક્રિકેટ રમતા યુવાનોમાં ભાગદોડી મચી હતી. આ દુર્ઘટનામાં યુવાનોએ તૂટી પડેલા શેડને પકડી રાખ્યો હતો અને શેડ અંદર રહેલા યુવાનને બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનાને પગલે કતારગામ ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી.

# કડીમાં ચાર કલાકમાં ધોધમાર સાડા ત્રણ ઇંચ વરસાદથી જળબંબાકાર

## ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાંથી પસાર થતી હરણાવ નદી બે કાંઠે વહી

। (એજન્સી) મહેસાણા, તા.૩૦ ।

હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં અપાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે રવિવારે મહેસાણાના કડીમાં બપોરે ૧૨થી ૪ વાગ્યા દરમિયાન સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેને પગલે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયાં હતા.

ઉત્તર ગુજરાતમાં જૂન મહિનામાં છેલ્લા કેટલાક વર્ષો કરતાં સૌથી વધુ વરસાદ વરસી રહ્યો છે ત્યારે હજુ વધુ વરસાદની આગાહી વચ્ચે રવિવારે બપોરે કડી શહેરમાં બે કલાકમાં જ અઢી ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે વિવિધ માર્ગો પરના અન્ડરપાસ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રસ્તા તેમજ સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયાં હતાં. બપોરે ૧૨થી ૨ વાગ્યા સુધી અઢી ઈંચ વરસાદ બાદ ૨થી ૪ વાગ્યા દરમિયાન વધુ એક ઈંચ વરસાદ ખાબક્યો હોઈ સમગ્ર પંથકમાં જળબંબાકાર જેવી



સ્થિતિ સર્જાઈ હતી. અન્ડરપાસ તેમજ વિવિધ માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થઈ જવા ઉપરાંત લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લામાં કડી પંથકમાં ૯૧ મીમી ઉપરાંત જોટાણા પંથકમાં ૧૪ મીમી, વિજાપુરમાં ૧૩ મીમી, વિસનગર અને બેચરાજીમાં ૬ મીમી તેમજ સતલાસણામાં ૩ મીમી વરસાદ નોંધાયો હતો. અન્ય વિસ્તારોમાં પણ ઝરમર વરસાદ વરસ્યો હતો.જ્યારે ઉપ રવાસમાં ભારે વરસાદને કારણે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાંથી પસાર થતી હરણાવ નદી બે કાંઠે વહી હતી. ખેડબ્રહ્મા પંથકમાં વરસાદને કારણે કેટલાક ગામડાઓમાં મગફળીને નુકસાન થયું હતું. ઉત્તર ગુજરાતના અન્ય તાલુકાઓ ભિલોડા અને ધાનેરામાં ૧૯ મીમી વરસાદ વરસ્યો હતો જ્યારે દાંતામાં ૧૬, તલોદમાં ૧૫, મહેસાણામાં ૧૪, વિજાપુર-હિંમતનગરમાં ૧૩, અમીરગઢમાં ૧૨, ઈડરમાં ૧૧, પ્રાંતિજમાં ૧૦, મોડાસામાં ૮, વિજયનગર, સિદ્ધપુર, વિસનગર, બેચરાજી અને ધનસુરામાં ૬ મીમી, ખેડબ્રહ્મા-બાયડમાં ૫ મીમી, લાખણી-શંખેશ્વરમાં ૪, સતલાસણા, દાંતીવાડા, વડગામ, ભાભર અને સમીમાં ૩ મીમી, હારિજ, ડીસા, થરાદ, પાલનપુર અને માલપુરમાં ૨ મીમી જ્યારે દિયોદર, કાંકરેજ અને ચાણસ્મામાં ૧ મીમી વરસાદ વરસ્યો હતો. આણંદ જિલ્લા ડિઝાસ્ટર કચેરી પાસેથી મળેલી વિગત મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન તારાપુર તાલુકામાં ૨૯ મીમી, સોજિત્રામાં ૮ મીમી, ઉમરેઠમાં ૩ મીમી, આણંદમાં ૩૪ મીમી, પેટલાદમાં ૪૯ મીમી અને ખંભાતમાં ૫ મીમી જ્યારે બોરસદમાં ૨૧ અને આંકલાવમાં ૧૯ મીમી વરસાદ નોંધાયો છે.

### એક વ્યક્તિ સીસીટીવી ફૂટેજમાં દેખાયો

# તરભ વાળીનાથ મંદિરની દાનપેટી તોડી તસ્કરો ૭૫થી ૮૦ હજાર ચોરી ગયા

## મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભ ગામે માલધારી સમાજ સહિત ભાવિકોનું આસ્થાનું કેન્દ્ર વાળીનાથ મહાદેવનું ભવ્ય મંદિર આવેલું છે

। (એજન્સી) મહેસાણા, તા.૩૦ ।

વિસનગર તાલુકાના તરભ ગામે વાળીનાથ મંદિરના ગર્ભગૃહની સામે ખુલ્લામાં મુકેલી દાનપેટીનું લોક તોડીને તસ્કરો રૂ.૭૫થી ૮૦ હજાર જેટલી રોકડ રકમ ચોરી જતાં ભક્તોમાં રોષ ફેલાયો છે. આ બાબતે વિસનગર તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભ ગામે માલધારી સમાજ સહિત ભાવિકોનું આસ્થાનું કેન્દ્ર વાળીનાથ મહાદેવનું ભવ્ય મંદિર આવેલું છે. આ મંદિર લાખો લોકોની આસ્થા સાથે જોડાયેલું છે.આ મંદિરમાં ચોરીની ઘટના બની છે. મંદિરના મુખ્ય મંદિરના ગર્ભગૃહની સામે ખુલ્લામાં મુકેલી લાકડાની દાનપેટીના એક નાના દરવાજાનું લોક તૂટેલું હોવાનું શનિવારે સવારે મંદિરના પૂજારી રતનભાઈ રાવલના ધ્યાને આવતાં તેમણે વહીવટની સેવા આપતા પીલુદરાના ગાંડાભાઈ ઉર્ફે વિહાભાઈ રબારીને જાણ કરી હતી.ગાંડાભાઈએ મંદિરમાં જઈને તપાસ કરતાં દાનપેટીમાંથી ચોરી થઈ હોવાનું જણાતાં તેમણે નજીકમાંથી અન્ય સેવા આપનાર દેણપના અમીતભાઈ રબારી, તરભના વાઘજીભાઈ રબારી, રુડાભાઈ રબારી વગેરેને જાણ કરી હતી. બધાએ મળીને તપાસ કરતાં દાનપેટીમાંથી આશરે રૂ.૭૫થી ૮૦ હજાર જેટલી રકમની ચોરી થઈ હોવાનું જણાયું હતું. જેથી વિસનગર તાલુકા પોલીસને જાણ કરાઈ હતી અને મંદિરમાં લગાવેલા સીસીટીવીના ફૂટેજ ચેક કરતાં રાત્રે ૨-૩૦થી ૪-૩૦ વાગ્યા દરમિયાન એક વ્યક્તિ મંદિરમાં આવતો દેખાયો હતો. આ બાબતે ગાંડાભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી વિસનગર તાલુકા પોલીસે સીસી ટીવીના આધારે તસ્કરોને ઝડપી લેવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૦ કરોડના ખર્ચે બનેલો રોડ પહેલા વરસાદે જ ધોવાઈ ગયો

## હાલ ચોમાસામાં માર્ગ ઉપર મોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે

। (એજન્સી) ભરૂચ, તા.૩૦ ।

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના નેશનલ હાઈવે ૬૪નો માર્ગ એક વર્ષ અગાઉ રૂ. ૧૦ કરોડના ખર્ચે તૈયાર થયો હતો. આ માર્ગ પ્રથમ વરસાદમાં જ ધોવાઈને રોડ ઉપરના ડામર અને કપચીનું મટીરિયલ રોડની સાઈડ ઉપર થઈ જતા માર્ગની કામગીરીમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાની બૂમ ઉઠી છે. હાલ ચોમાસામાં માર્ગ ઉપર મોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આમોદ-જંબુસરમાં મનરેગા યોજનામાં કૌભાંડ થયા હોવાના અહેવાલો વચ્ચે અનેક વિસ્તારોમાં થયેલા વિકાસના કામોમાં ગોબાચારી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં આમોદ તાલુકાના નેશનલ હાઈવે ૬૪ નો માર્ગ રૂ.૧૦ કરોડના ખર્ચે તૈયાર થયો હતો. એક વર્ષમાં જ પ્રથમ વરસાદમાં જ સંપૂર્ણ માર્ગ ધોવાઈ જવાના કારણે રોડનો ડામર કપચીનું મટીરિયલ રોડની સાઈડ ઉપર થઈ જવાના કારણે માર્ગ બિસ્માર બની મોટા ખાડા પડી જતાં વાહન ચાલકોને અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.આમોદ ને.હા. નં.૬૪ નો ૩ કિ.મી સુધીનો માર્ગ અત્યત બિસ્માર બન્યો છે. આ માર્ગ રૂ.૧૦ કરોડના ખર્ચે બન્યો હોવા છતાં પુનાના કોન્ટ્રાક્ટરની સન સાઈન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સંચાલક સુનિલ બહેરની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયા છે જ્યારે વરસાદી પાણીથી કરાડો રૂપિયાના ખર્ચે બનાવેલો માર્ગ ધોવાઈ જતાં સ્થાનિકો સહિત વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. માર્ગ મકાન વિભાગે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગની ગુણવત્તા અને મટીરિયલની તપાસ થઈ છે કે નહીં તેવા અનેક સવાલો વાહન ચાલકો સહિત સ્થાનિકો કરી રહ્યા છે.

## ખેડુતે મગફળીના પાકનું વળતર ન મળતા ગળાફાંસો ખાધો

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટના જામકંડોરણામાં એક ખેડૂતે આર્થિક ભીંસમાં આવી જતા આત્મહત્યા કરી લીધી છે. ખેડૂતે ધીરાણ લઈ મગફળનું વાવેતર કર્યુ હતુ પરંતુ ખર્ચ નીકળે તેટલુ પણ વળતર ન મળતા ખેડૂત નાસીપાસ થઈ ગયો અને ગળાફાંસો મોતને વ્હાલુ કરી લીધુ. રાજકોટ જિલ્લાના જામકંડોરણાથી અત્યંત કાળજુ કંપાવી દેનારી હદય દ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં જામદાદાર ગામે ખેડૂતે આર્થિક તંગી અને નુકસાનીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો. જામદાદર ગામના મૃતક ખેડૂત માધાભાઈ રાઠોડે ૭ વિઘા ખેતરમાં મગફળીનું વાવેતર કર્યું હતું.

### સામાન્ય બાબતે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું

## નિકોલમાં પાણી ઢોળવા બાબતે પાડોશી મહિલાને બચકા ભરી પરિવાર પર હુમલો

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

શહેરના નિકોલ વિસ્તારમાં રહેતા પાડોશીઓ વચ્ચે પાણી ઢોળવા જેવી સામાન્ય માથાકૂટ એટલી ઉગ્ર બની ગઈ કે પડોશમાં રહેતી મહિલા અને તેના પરિવારના આઠ સભ્યો ભેગા થઈને પાડોશી અને તેના પરિવારના સભ્યો પર લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો. તદુપરાંત મહિલાને બચકા ભરી લીધા હતા. આ મામલે આઠ લોકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.નિકોલની ગોવિંદભાઈ ચાલીમાં રહેતા ગોરખ પ્રસાદ(૪૫) ફેબ્રિકેશનનો વ્યવસાય કરે છે. ગત શુક્રવારના રાતના સમયે જમી પરવારીને પરિવારના સભ્યો ઘરમાં બેઠા હતા. આ સમયે પાડોશમાં રહેતી મિન્ટુ ગુપ્તાએ ગોરખ પ્રસાદના ઘર પાસે પાણીનો ડોલ ભરીને રેડી હતી. આ જોતા તેમણે વિરોધ ઉઠાવ્યો અને પાણી અહીંયા કેમ નાખો છો કહીને મહિલાને ઠપકો આપ્યો હતો. બસ આટલી સામાન્ય બાબતમાં મિન્ટુબહેન ગુસ્સે ભરાયા અને ગાળો બોલવા લાગ્યા હતા. માથાકૂટ થતા ગોરખ પ્રસાદની પત્ની બહાર આવીને પાડોશી મહિલાને સમજાવતા મામલો વધુ ગરમાયો અને બાદમાં પાડોશી મહિલાના પતિ સહિત આઠ લોકો ભેગા થઈ ગયા અને ગોરખ પ્રસાદના પરિવાર સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. જોતજોતામાં મહિલા આરોપી મિન્ટુ ગુપ્તાએ ગોરખ પ્રાસાદની પત્નીને જાંઘ પર બચકા ભરી લીધા હતા.

### ગુજરાતમાં પહેલી ઘટના

## કચ્છની બન્ની નસલની ભેંસ રેકોર્ડ ૧૪.૧ લાખમાં વેચાઈ

। (એજન્સી) ભુજ, તા.૩૦ ।

કચ્છ જિલ્લો તેની ભૌગોલિક વિશેષતાઓ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. અહીંના ગાય, ભેંસ અને ઊંટ ખૂબ જાણીતા છે. ખાસ કરીને બન્ની નસલની ભેંસ કચ્છ, ગુજરાત અને સમગ્ર દેશના પશુપાલકોમાં લોકપ્રિય છે.હાલમાં એક અસલ બન્ની નસલની ભેંસ રૂ. ૧૪.૧ લાખમાં વેચાઈ છે. આટલી ઊંચી કિંમતમાં ભેંસ વેચાઈ હોય તે માત્ર કચ્છ જ નહીં, પરંતુ સંભવતઃ ગુજરાતમાં પણ પહેલી ઘટના હોવાનું મનાય છે. આ ભેંસ લખપત તાલુકાના સાનધ્રો ગામે વેચાઈ હતી.આ અંગે લખપત તાલુકાના સાનધ્રો ગામના માલધારી ઝકરિયા જતએ સ્થાનિક મીડિયાને જણાવ્યું કે, આમ તો બન્ની નસલની ભેંસની ઊંચી કિંમતે ખરીદ-વેચાણ થતી રહે છે, પરંતુ રૂ. ૧૪.૧ લાખમાં ભેંસનું વેચાણ થયું હોય તે કચ્છ નહીં પણ સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત બન્યું હશે. આ પાછળનું કારણ જણાવતા તેમણે કહ્યું કે, ભેંસનો રંગ, રૂપ અને તેની સ્વસ્થતા આ સોદામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.સાનધ્રો ગામના ગાજી હાજી અલાદાદની 'લાડકી' નામની અસલ બન્ની નસલની ભેંસને ભુજ તાલુકાના સેરવા ગામના માલધારી શેરુભાઈ ભલુંએ ખરીદી છે. વેચાણ કરનાર ગાજીભાઈનો પરિવાર પેઢી દર પેઢીથી પશુપાલનનો વ્યવસાય કરતો આવ્યો છે. હાલ તેમની પાસે ૮૦ જેટલી ભેંસો છે અને તેના દ્વારા તેઓ દૈનિક ૩૦૦ લીટર દૂધ મેળવી વેચાણ કરે છે. તેમના ચાર પુત્રો પૈકી બે મોટા પુત્રો પણ આ જ વ્યવસાય કરે છે.આ ભેંસની મુખ્ય વિશેષતા એ છે કે તેનો રંગ એકસરખો કાળો છે, જ્યારે તેના શીંગડા ચુડકંઢી છે, જે બન્ની નસલની ભેંસોમાં ખૂબ આકર્ષક દેખાય છે. તે શરીરે તંદુરસ્ત અને સોહામણી દેખાય છે. આ જ કારણોસર આ ભેંસ ખરીદવી એ સોનું ખરીદવા સમાન બની રહે છે. બન્ની નસલની ભેંસો મોટાભાગે અન્ય પ્રદેશોની ભેંસો કરતાં અલગ તરી આવે છે, જેના કારણે તરણેતર સહિતના મેળાઓમાં યોજાતી પશુ હરીફાઈઓમાં બન્ની ભેંસ વિજેતા બનતી હોય છે.

### દસ વર્ષે ૧૯૫ ટકાનો વધારો

## આણંદ-ખેડા જિલ્લામાં સારસ ક્રેનની વસ્તી ગણતરી કરાઇ

। (એજન્સી) આણંદ, તા.૩૦ ।

ઉનાળાની ઋતુમાં વર્ષના સૌથી લાંબા દિવસે યોગાનુયોગે યુપીએલ દ્વારા જૂન, ૨૦૨૫ માં દસમી વાર્ષિક સારસ ક્રેન ગણતરી હાથ ધરવામા આવી હતી. જેમાં આણંદ અને ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ની ગણતરીમાં કુલ ૧,૪૭૭ સારસ ક્રેન નોંધાયા હતા, જે ૨૦૧૫-૧૬ના મૂળ વર્ષથી ૧૯૫ ટકાનો વધારો દર્શાવે છે.

૨૦૧૫-૧૬માં સારસ પક્ષીની સંખ્યા ૫૦૦ હતી. વિશ્વમાં સૌથી લાંબા પક્ષી જે ઉડવાની ક્ષમતા રાખે છે એવો ભારતીય સારસ ક્રેન ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન) રેડ લિસ્ટ હેઠળ સંવેદનશીલ ગણવામાં આવ્યા છે. પરંપરાગત રીતે જળપ્લાવિત વિસ્તારોમાં જોવા મળતા આ સારસ ક્રેને માનવ સાથે સહઅસ્તિત્વ અપનાવી લીધું છે અને ખોરાક તથા પ્રજનન માટે ખેતરો પર વધુને વધુ નભતા થયા છે. ખેડા અને આણંદ જિલ્લાઓએ સારસ ક્રેનના આંકડામાં નોંધપાત્ર વધારો દર્શાવ્યો છે જે ટકાઉ સંવર્ધન પ્રયાસોની સફળતા દર્શાવે છે. આજે ગુજરાત ગર્વભેર સમગ્ર ભારતમાં બીજા ક્રમની સૌથી વધુ વાઈલ્ડ સારસ ક્રેન વસ્તી ધરાવે છે જે અમારા પ્રયાસો અને પ્રગતિના ચાલકબળનું પ્રમાણ છે. નોંધનીય છે કે અમે છેલ્લા ૧૦ વર્ષોમાં તેમના આંકડામાં ૧૯૫ ટકાનો વધારો જોયો છે.

**વિશેષ** સાંસદ પ્રભુભાઈ વસાવાની ઉપસ્થિતિમાં આદિજાતિ મંત્રીએ વાઘનેરા પ્રા.શાળાના નવનિર્મિત વર્ગખંડનું લોકાર્પણ અને સભાખંડનું ખાતમુહૂર્ત કર્યું

# માંડવીના વાઘનેરા પ્રાથમિક શાળામાં વિદ્યારંભ કરનાર બાળકોનું આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિએ કરાવ્યું નામાંકન







। (માહિતી) સુરત ।

સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત માંડવી તાલુકાની વાઘનેરા પ્રા. શાળામાં આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ અને સાસંદશ્રી પરભુભાઈ વસાવાએ શાળાપ્રવેશ મહોત્સવ અંતર્ગત આંગણવાડી, બાલવાટિકા અને ધો.૧માં કુલ ૭ બાળકોનો શાળાપ્રવેશ કરાવ્યો હતો.સાથે સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ રૂ.૧૭ લાખના ખર્ચે નવનિર્મિત બે વર્ગખંડનું લોકાર્પણ અને ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત રૂ.૧૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર સભાખંડનું ખાતમુહૂર્ત કર્યું હતું.

વાઘનેરા પ્રા.શાળામાં આંગણવાડીમાં-૦૧, બાલવાટિકામાં-૦૫ અને ધો-૧માં ૦૧ મળીને કુલ ૭ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકનું ઘડતર એ માત્ર શિક્ષકની નહીં, પરંતુ વાલીઓની પણ મહત્વપૂર્ણ જવાબદારી છે. શિક્ષણ એ વિકસિત ભારતનો સૌથી મજબૂત આધારસ્તંભ બનશે. તેથી ભારતને વિકાસશીલથી વિકસિત દેશ બનાવવા માટે બાળકો ઉચ્ચ કક્ષાનું અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરે તે આવશ્યક છે.તેમણે ઉમેર્યું કે, જેમ માતા-પિતા ઘરમાં કેળવણી, સંસ્કાર આપે છે, તેમ શાળામાં શિક્ષકોઈ પણ એ જ કાળજી અને કટિબદ્ધતા સાથે બાળકના સર્વાંગી વિકાસનું સતત ઘડતર કરવું જોઈએ.

દરેક શિક્ષકે બાળકને સંતાન સમાન માનીને પ્રેમ, લાગણી અને જવાબદારી સાથે શિક્ષણ આપવું જોઈએ. આ રીતે જ્યારે શિક્ષક, વાલી અને શાળા ત્રણે મળીને બાળકના ભવિષ્યને ઘડે છે, ત્યારે જ ખરી શિક્ષણક્રાંતિ સર્જાય છે.

સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી શરૂ કરેલ શાળાપ્રવેશોત્સવ આજે સમગ્ર દેશમાં શિક્ષણ માટે શ્રેષ્ઠ મોડલ તરીકે ઉભરી આવ્યું છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ દરેક બાળકને ગુણવત્તાસભર મૂળભૂત શિક્ષણ પહોંચાડવાનો તથા દીકરીઓને શાળામાં દાખલ કરી શિક્ષણ માટે પ્રોત્સાહન આપવાનો છે. શિક્ષણ એ ગરીબી નાથવાનું સૌથી શક્તિશાળી શસ્ત્ર છે.વિદ્યાર્થીઓ સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ શિક્ષણ સહાય યોજનાનો લાભ લઈ ઉચ્ચ અભ્યાસ તરફ આગળ વધે અને પરિવાર, સમાજ, રાજ્ય તથા દેશનું નામ રોશન કરે. શિક્ષણના માધ્યમથી સમાજમાં સુધારાના નવા દરવાજા ખુલશે અને દરેક બાળકના સ્વપ્નોને આકાર મળશે.આ પ્રસંગે રાજ્યના આદિજાતિ વિભાગના મદદનીશ કમિશનરશ્રી આર. બી.બારડ, આદિજાતિ વિકાસ અધિકારીશ્રી ઓ.એમ.પરમાર, જિ.શિક્ષણ વિભાગના નરેન્દ્ર પરમાર, મામલતદારશ્રી જી.આર.મિસ્ત્રી, અગ્રણી અનિલભાઈ, પ્રિતેશભાઈ, સરપંચશ્રી ધર્મેશ ચૌધરી સહિત શાળાના આચાર્ય-શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને પ્રવેશ મેળવનાર બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### શુભાંશુ શુક્લાએ ગાજરનો હલવો અને કેરીનો રસ ખાધો

# અવકાશયાત્રીઓનો આહાર પૃથ્વી પરના આહારથી ખૂબ અલગ હોય છે

## થર્મો-સ્ટેબિલાઇઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

અવકાશયાત્રીઓનો આહાર યોજના સામાન્ય લોકોના ખોરાક કરતા અલગ હોય છે. તેમને ખાસ ખોરાક આપવામાં આવે છે, જે ત્યાં લાંબા સમય સુધી બગડતો નથી અને ખાસ રીતે પેક કરવામાં આવે છે. મહત્વન છે કે આ વચ્ચે પણ શુભાંશું શુકલા એક ખાસ ગુજરાતી વાનગી અવકાશમાં લઈ ગયા છે. અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ગઈકાલે ઐતિહાસિક ઉડાન માટે અવકાશમાં ગયા છે. તેમના ૧૪ દિવસના મિશન માટે જરૂરી વસ્તુઓની સાથે, તેમણે ગાજરનો હલવો અને કેરીનો રસ પણ ખાધો છે. આ પછી, દરેકના મનમાં આ પ્રશ્ન આવી રહ્યો છે કે અવકાશમાં તેમનો ખોરાક કેવો હોય છે. શું તેઓ પૃથ્વી પરના સામાન્ય માણસની જેમ ત્યાં ખોરાક ખાય છે કે કોઈ અલગ રીતે છે, ચાલો જાણીએ. પહેલાં, અવકાશયાત્રીઓ બાળકના ખોરાકને અવકાશમાં લઈ જતા હતા, પરંતુ હવે મુસાફરો થર્મો-સ્ટેબિલાઈઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે. કેટલાક ખોરાક પાણી મિક્સ કરીને અવકાશમાં ખાવામાં આવે છે, જ્યારે કેટલાક ખોરાક પાણી વગર ખાવામાં આવે છે. ત્યાં મર્યાદિત માત્રામાં જ ખોરાક ખાવાની મંજૂરી છે, તેથી વજન અનુસાર ખોરાક નિયંત્રિત કરવામાં આવે છે. લોકો ત્યાં ફળો, બ્રાઉની, ફ્રીઝ-ડ્રાય ફૂડ વસ્તુઓ ખાઈ શકે છે. આજે અવકાશમાં ખાવા માટે રિહાઈડ્રેટેડ ફૂડ વસ્તુઓમાં ચિકન કોન્સોમ, ચીઝ, મેકરોની, ઝીંગા કોકટેલ એપેટાઈઝર અને સ્ક્રેમ્બલ્ડ એગ્સ વગેરે જેવા સૂપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અવકાશયાત્રીઓ માઈક્રોએલ્ગી, પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલ માંસ અને વાઈન ગોળીઓ જેવા સુપરફૂડ પણ લે છે. અવકાશયાત્રીઓ માટે ખાતરી કરવામાં આવે છે કે તેમનો ખોરાક પૌષ્ટિક તેમજ સ્વાદિષ્ટ હોય. પરંતુ બ્રેડ, સૂકું મીઠું અને મરી, કાર્બોનેટેડ પીણાં, આલ્કોહોલ અને તાજા ફળો અને શાકભાજી જેવી કેટલીક વસ્તુઓ લઈ શકાતી નથી. અવકાશમાં તાજું પાણી ઓછું છે, તેથી ત્યાં લેવાનો ખોરાક એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે વધુ પાણીની જરૂર ન પડે અને તે લાંબા સમય સુધી બગડે નહીં. અવકાશયાત્રીઓને આપવામાં આવતો ખોરાક ખાસ પેકેટ અને નાના ટુકડાઓમાં રાખવામાં આવે છે. પ્રવાહી ટ્યુબમાં રાખવામાં આવે છે જેથી તેઓ સરળતાથી ખાઈ શકાય. તેમને ટુકડા વગરનો ખોરાક આપવામાં આવે છે જેથી નાના ટુકડા હવામાં તરતા ન રહે અને લોકો અને મશીનોને નુકસાન ન પહોંચાડે. ચા, કોફી અને જ્યુસ પાવડર સ્વરૂપ માં ત્યાં મોકલવામાં આવે છે અને પાણીમાં ભેળવીને પીવામાં આવે છે. જો કોઈ અવકાશયાત્રી ત્યાં ખૂબ લાંબા સમય સુધી રહે છે, તો તેનો આહાર પણ તેમના અનુસાર હોય છે જેથી વજન ઘટે નહીં અને સ્નાયુઓ અને હાડકાં નબળા ન પડે. મહત્વનું છે કે ગતરોજ જ્યારે શુભાંશુંએ ँ મોદી સાથે વાત કરી ત્યારે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તમે જે ગાજરનો હલવો અને અન્ય સામગ્રી લઈ ગયા છો તે અન્ય મિત્રોને ચખાડ્યું કે નહીં. ત્યારે તેમણે અઅ ગુજરાતી વાનગી અંગે મહત્વની વાત કરી હતી.




### ઈન્ટરવ્યૂમાં દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બનું નિવેદન

## હું સચિનને હંમેશા કહું છું કે મારા લીધે તારું નામ થયું

। (એજન્સી) લંડન, તા.૩૦ ।



ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરને ક્રિકેટના ભગવાન કહેવામાં આવે છે. આ દરમિયાન ઈંગ્લૅન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બે સચિન તેંડુલકરને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, હું સચિનને હંમેશા કહું છું કે મારા લીધે તારું નામ થયું છે. જો કે, તેમણે આ વાત હળવા અંદાજમાં કહી હતી. તે સચિન તેંડુલકરનું ખૂબ સન્માન કરે છે અને તેમના મોટા ચાહક છે. એક મીડિયા ઈન્ટરવ્યૂમાં ઈંગ્લૅન્ડના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર એલન લેમ્બને સવાલ કરવામાં આવ્યો હતો કે, તમે સુનીલ ગાવસ્કર, સચિન તેંડુલકર અને વિરાટ કોહલીમાંથી કોને ઉપર રાખવા માંગો છો? જવાબમાં એલન લેમ્બને કહ્યું, ખૂબ જ સરળ છે, સચિન તેંડુલકર. જ્યારે તે (સચિન તેંડુલકર) ૧૮ વર્ષના હતા ત્યારે હું તેમની સામે રમ્યો હતો. મેં તેનો કેચ સ્લિપમાં છોડી દીધો હતો. આ તકનો ફાયદો ઉઠાવીને તેણે સદી ફટકારી હતી. તેથી જ હું સચિનને હંમેશા કહું છું કે, મારા લીધે તારું નામ થયું છે. વિરાટ કોહલી અંગે એલન લેમ્બ કહ્યું, કોહલી એક શાનદાર ખેલાડી છે. તેની પાસે દરેક પ્રકારના શોટ રમવાની ક્ષમતા છે અને તે ઝડપથી રન બનાવી શકે છે.

## ઈનિંગ્સમાં સદી ફટકારનાર રિષભ પંતને ચેતવણી આપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી બીજી ટેસ્ટ પહેલા રિષભ પંતને ચેતવણી આપવામાં આવી છે, જો તે બીજી ટેસ્ટ મેચમાં ફરીથી આ ભૂલ કરશે, તો તેને ફક્ત શ્રેણીમાંથી જ નહીં પરંતુ ટીમ ઈન્ડિયામાંથી પણ મહિનાઓ માટે બહાર રહેવું પડી શકે છે. પંતે છેલ્લી મેચની પહેલી ઈનિંગ્સમાં સદી ફટકાર્યા પછી મોટી ભૂલ કરી હતી, પરંતુ હવે તેને ચેતવણી આપવામાં આવી છે. રિષભ પંતે છેલ્લી મેચની બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી. તેણે પહેલી ઈનિંગમાં ૧૩૮ રન બનાવ્યા અને પછી પોતાના સેલિબ્રેશનથી ચર્ચામાં આવ્યો હતો. પંતે હેન્ડસ્પ્રિંગ સેલિબ્રેશન કર્યું જેમાં તે માસ્ટર છે. IPL 2025ની છેલ્લી મેચમાં પણ પંતે સદી ફટકાર્યા પછી તે જ સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું. પરંતુ તેણે ફરી આ ભૂલ ન કરવી જોઈએ. ૨૦૨૨માં કાર અકસ્માત બાદ રિષભ પંતની સારવાર કરનારા સર્જન ડૉ. દિનશા પારડીવાલાએ તેને ચેતવણી આપી છે. દિનશા પારડીવાલાએ ધ ટેલિગ્રાફને કહ્યું, રિષભે બાળપણમાં જિમ્નેસ્ટિક્સ શીખ્યું છે, જેના કારણે તે ખૂબ જ ચપળ અને ફ્લેક્સિબલ છે.

### ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે મોટા સમાચાર

# ટિકિટ બુક કરવા માટેના નિયમમાં મોટો ફેરફાર, આજથી કાલથી લાગુ

### ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઇટ-એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે

। નવી દિલ્હી, તા.૩૦ ।

જો તમે પણ ટ્રેનમાં મુસાફરી કરતા હોવ તો તમારા માટે આ સમાચાર મહત્વના છે. અનેક લોકો રિઝર્વેશન કરાવીને મુસાફરી કરે છે. કારણ કે રિઝર્વ કોચમાં સફર કરવી એ સુવિધાયુક્ત હોય છે. આ માટે તમારે મુસાફરી પહેલા ટિકિટ બુક કરાવી લેવી પડતી હોય છે. લોકો રેલવેના કાઉન્ટરથી અથવા તો ઘરે બેઠા ઓનલાઈન ટિકિટ બુક કરાવતા હોય છે. જ્યારે અચાનક મુસાફરી કરવાની હોય તો તત્કાલ ટિકિટ બુક કરાવતા હોય છે. પરંતુ હવે ભારતીય રેલવે તરફથી તત્કાલ ટિકિટ બુકિંગ અંગેનો નિયમ બદલાયો છે. ૧ જુલાઈથી હવે આ નવો નિયમ લાગૂ થશે તો વિસ્તૃત માહિતિ ખાસ જાણો.

**તત્કાલ ટિકિટ બુકિંગ માટે નવો નિયમ**

IRCTC તરફથી તમામ યૂઝર્સને મેઈલ દ્વારા આ અંગે જાણકારી અપાઈ છે. જેમાં કહેવાયું છે કે ૧ જુલાઈ ૨૦૨૫થી IRCTC ની વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા એવા યૂઝર્સ ટિકિટ બુક કરી શકશે નહીં જેમનું એકાઉન્ટ આધાર સાથે લિંક નહીં હોય.

- ૧ જુલાઈથી ફક્ત આધાર પ્રમાણિત વપરાશકર્તા જ IRCTC વેબસાઈટ અને એપ્લિકેશન પર તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે.
- AC અને નોન-AC વર્ગો માટે પ્રથમ ૩૦ મિનિટમાં કોઈ એજન્ટ બુકિંગ નહીં
- ૧૫ જુલાઈથી PRS કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા ઓનલાઈન તેમજ તત્કાલ બુકિંગ માટે OTP આધારિત ઓળખ પ્રમાણીકરણ ફરજિયાત

તત્કાલ ટિકિટોની વાજબી અને પારદર્શક ઍક્સેસ સુનિશ્ચિત કરવા અને વાસ્તવિક મુસાફરોના હિતોનું રક્ષણ કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારતીય રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં મુખ્ય ફેરફારોની જાહેરાત કરી છે. આ ફેરફારોનો હેતુ વપરાશકર્તા પ્રમાણીકરણ વધારવા અને યોજનાનો દુરુપયોગ ઘટાડવાનો છે.

નવી જોગવાઈઓ નીચે મુજબ છે....

૧. ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર પ્રમાણીકરણઃ

૧ જુલાઈ ૨૦૨૫થી આ નિયમ અમલમાં આવશે. IRCTCની સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુક કરાયેલી તત્કાલ ટિકિટ ફક્ત આધાર સાથે પ્રમાણિત વપરાશકર્તાઓ માટે જ ઉપલબ્ધ રહેશે. વધુમાં, ૧૫ જુલાઈ ૨૦૨૫થી ઓનલાઈન તત્કાલ બુકિંગ માટે આધાર-આધારિત OTP પ્રમાણીકરણ ફરજિયાત બનશે.

૨. PRS કાઉન્ટર અને એજન્ટો પર સિસ્ટમ-આધારિત OTP પ્રમાણીકરણઃ

કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર પર અને અધિકૃત એજન્ટો દ્વારા બુક કરાયેલ તત્કાલ ટિકિટો માટે બુકિંગ સમયે વપરાશકર્તા દ્વારા આપવામાં આવેલા મોબાઈલ નંબર પર OTP પ્રમાણીકરણ મોકલવાની જરૂર પડશે. આ જોગવાઈ ૧૫ જુલાઈ ૨૦૨૫થી અમલમાં આવશે.

૩. અધિકૃત એજન્ટો માટે બુકિંગ સમય પ્રતિબંધઃ નિર્ણાયક શરૂઆતના સમયગાળા દરમિયાન જથ્થાબંધ બુકિંગને રોકવા માટે, ભારતીય રેલવેના અધિકૃત ટિકિટિંગ એજન્ટોને બુકિંગ વિન્ડોની દિવસની પ્રથમ ૩૦ મિનિટ દરમિયાન તત્કાલ ટિકિટ બુક કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. AC વર્ગો માટે, આ પ્રતિબંધ સવારે ૧૦.૦૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી અને નોન-AC વર્ગો માટે સવારે ૧૧.૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી લાગુ પડે છે.

આ ફેરફારો તત્કાલ બુકિંગમાં પારદર્શિતા સુધારવા અને યોજનાના લાભો સાચા અંતિમ વપરાશકર્તાઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે લાગુ કરવામાં આવી રહ્યા છે. CRIS અને IRCTCને જરૂરી સિસ્ટમ ફેરફારો કરવા અને તે મુજબ તમામ ઝોનલ રેલવે અને સંબંધિત વિભાગોને જાણ કરવા સૂચના આપવામાં આવી છે.રેલવે મંત્રાલય તમામ મુસાફરોને આ ફેરફારોની નોંધ લેવા વિનંતી કરે છે અને દરેકને અસુવિધા ટાળવા માટે તેમના IRCTC વપરાશકર્તા પ્રોફાઈલ સાથે આધાર લિંકેજ સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરે છે.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૩૦ જૂન, ૨૦૨૫ ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર ખાતે AIIMS ગોરખપુરના પ્રથમ દીક્ષાંત સમારોહમાં હાજરી આપી.

## મુખ્યમંત્રી બદલવાનો નિર્ણય પક્ષના હાઈકમાન્ડ પાસે હોય છે : ખડગે

। (એજન્સી) બેંગલુરુ, તા.૩૦ ।

કર્ણાટકમાં રાજકારણ ગરમાયું છે. રાજ્યમાં મુખ્યમંત્રી બદલવાની અટકળો વેગવાન બની છે. તેમાં પણ પક્ષમાં જ નેતાઓ વચ્ચે આ ચર્ચાઓએ જોર પકડતાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અટકળો પર સ્પષ્ટતા આપી છે કે, મુખ્યમંત્રી બદલવાનો નિર્ણય પક્ષના હાઈકમાન્ડ પાસે હોય છે. તમે કોઈપણ કારણોસર મુશ્કેલીઓ ઉભી કરશો નહીં. રાજ્યના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ડેપ્યુટી CM ડીકે શિવકુમાર સાથેના મતભેદોના અહેવાલોને ફગાવતાં દાવો કર્યો હતો કે, તેમની સરકાર પાંચ વર્ષ સુધી પર્વતની જેમ અડીખમ રહેશે. મૈસૂરમાં પત્રકારો સાથે વાત કરતાં સિદ્ધારમૈયાએ ડીકે શિવકુમારનો હાથ પકડી એકજૂટતા દર્શાવતાં કહ્યું હતું કે, અમારી સરકાર પાંચ વર્ષ સુધી પર્વતની જેમ અડીખમ રહેશે. અમે એક સાથે મળીને કામ કરીશું. કોંગ્રેસ મહાસચિવ અને કર્ણાટકના પ્રભારી રણદીપ સુરજેવાલાની મુલાકાત દરમિયાન સિદ્ધારમૈયાએ કહ્યું કે, તે પક્ષ સંગઠનને મજબૂત બનાવવા આવ્યા છે. તે પોતાનું કામ કરશે અને સંગઠનને તાકાત આપશે. વિપક્ષ નેતા આર. અશોકે સરકાર પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે, સિદ્ધારમૈયા આ વર્ષે દશેરાની ઉજવણીનું ઉદ્ઘાટન કરી શકશે નહીં. સિદ્ધારમૈયા આ વર્ષના અંત સુધીમાં મુખ્યમંત્રીની ખુરશી છોડી દેશે. જો કે, સિદ્ધારમૈયાએ આ દાવાનો જવાબ આપતાં કહ્યું કે, હું અને ડીકે શિવકુમાર એકજૂટ છીએ. અમારી સરકાર પાંચ વર્ષ સુધી અડગ રહેશે. ભાજપ જુઠાણું ફેલાવવામાં હોશિયાર છે. અમે તેમની વાતો પર ધ્યાન આપતાં નથી.

પશ્ચિમ રેલ્વે
અમદાવાદ વિભાગ

ઈ-ટેન્ડર નોટિસ નંબર
DRM(M)ADI/09/૨૦૨૫-૨૬
તારીખ ૨૬-૦૬-૨૦૨૫
રદ કરવામાં આવેલ છે.

આથી જાણ કરવામાં આવે છે કે ૨૬.૦૬.૨૦૨૫ ના રોજ અગાઉ પ્રકાશિત થયેલ ટેન્ડર ખર્ચના વર્ગીકરણમાં ભૂલને કારણે રદ કરવામાં આવ્યું છે. તે મુજબ, ટેન્ડર હવે ૨૭.૦૬.૨૦૨૫ ના રોજ IREPS પોર્ટલ દ્વારા ફરીથી ફ્લોટ કરવામાં આવ્યું છે.

ADI-092

અમને પસંદ કરોઃ facebook.com/WesternRly

### કોંગ્રેસ પ્રમુખ ખડગેની RSSને ચેતવણી

# જો તમે બંધારણના કોઈપણ શબ્દને અડ્યા છો તો સખત વિરોધ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।



RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ તાજેતરમાં બંધારણની પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા શબ્દો દૂર કરવાની વાત કરી હતી. હોસબોલેના આ નિવેદન બાદ દેશમાં રાજકીય ખળભળાટ વધ્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલે આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, જો બંધારણના કોઈપણ શબ્દને પણ અડ્યા છો તો કોંગ્રેસ તેનો સખત વિરોધ કરશે અને છેલ્લા શ્વાસ સુધી લડશે. બેંગલુરુમાં પત્રકારો સાથે વાત કરતી વખતે મલ્લિકાર્જુન ખડગેએ હોસબોલેને મનુસ્મૃતિના સમર્થક ગણાવ્યા હતાં. તેમણે કહ્યું કે તેઓ ગરીબો અને નબળા વર્ગોને આગળ વધવા દેવા માંગતા નથી. તેઓ હજારો વર્ષ જૂની વ્યવસ્થા જાળવી રાખવા માંગે છે. એટલા માટે તેમને સમાજવાદ, ધર્મનિરપેક્ષત અને બંધારણના મુખ્ય સિદ્ધાંતો પસંદ નથી. આ ફક્ત હોસબોલેના વિચાર નથી, પરંતુ સમગ્ર RSSની વિચારધારા છે. દત્તાત્રેય હોસબોલેએ તાજેતરના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરે બંધારણના મૂળ પ્રસ્તાવનામાં આ શબ્દો મૂક્યા નહોતા. આ શબ્દો કટોકટી દરમિયાન ઉમેરવામાં આવ્યા હતા, જ્યારે દેશમાં મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવ્યા હતા અને સંસદ કાર્યરત ન હતી. જેથી આ શબ્દોને પ્રસ્તાવનામાં રાખવા જોઈએ કે નહીં તે અંગે ફરીથી ચર્ચા થવી જોઈએ. ખડગેએ સમગ્ર RSSને વંચિત સમુદાયોની વિરુદ્ધમાં ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે RSS ગરીબો, દલિતો, પછાત વર્ગો અને અન્ય વંચિત સમુદાયોની વિરુદ્ધમાં છે. જો તેઓ ખરેખર હિન્દુ ધર્મના રક્ષક છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યું રિએક્શન

# ભ્રષ્ટાચારના કેસમાં નેતન્યાહૂને ઇઝરાયલી કોર્ટની મોટી રાહત

। (એજન્સી) જેરુસલેમ, તા.૩૦ ।



લાંબા સમયથી હમાસ અને ઈરાન સામે યુદ્ધ લડી રહેલા ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂને મોટી રાહત મળી છે. જેરુસલેમ ડિસ્ટ્રિક્ટ કોર્ટે તેમને ભ્રષ્ટાચારના કેસમાં તાત્કાલિક રાહત આપી છે. રવિવારે, કોર્ટે ૪ વર્ષથી ચાલતા તેમના ભ્રષ્ટાચારના કેસની સુનાવણી આગામી બે અઠવાડિયા માટે મુલતવી રાખી હતી. નેતન્યાહૂ વિરુદ્ધ ૨૦૧૯ થી લાંચ, છેતરપિંડી અને વિશ્વાસઘાતના કેસ ચાલી રહ્યા છે. સરકારી એજન્સીઓ દ્વારા તપાસ બાદ, આ કેસની સુનાવણી હવે ૨૦૨૦ થી કોર્ટમાં થઈ રહી છે. શુક્રવારે નેતન્યાહૂના વકીલોએ કોર્ટને અપીલ કરી હતી કે ગાઝા યુદ્ધ અને તાજેતરમાં ઈરાન સાથે પૂર્ણ થયેલા ૧૨ દિવસના યુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે નેતન્યાહૂની હાજરી બે અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવે. જેરુસલેમ ડિસ્ટ્રિક્ટ કોર્ટે નેતન્યાહૂના વકીલોની અરજી સ્વીકારી, જેમાં તેમણે રાષ્ટ્રીય સુરક્ષા અને રાજદ્વારી મુદ્દાઓને ટાંકીને સુનાવણી મુલતવી રાખવાની માંગ કરી હતી. જે અગાઉ કોર્ટે ફગાવી દીધી હતી. પરંતુ ટ્રમ્પના જાહેર નિવેદન અને ઈઝરાયલી ગુપ્તચર એજન્સીઓના વડાઓની જુબાની પછી, કોર્ટે પોતાનું વલણ બદલ્યું. કોર્ટે કહ્યું કે, વડાપ્રધાન નેતન્યાહૂના ટાઈમટેબલ અને રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને આ અઠવાડિયાની સુનાવણી રદ કરવામાં આવે છે. આ સુનાવણી મુલતવી રહેવાથી નેતન્યાહૂ માટે કામચલાઉ રાહત છે, કારણ કે તેમની ઊલટતપાસ ૩ જૂનથી શરુ થઈ હતી અને આગામી એક વર્ષ સુધી ચાલુ રહેવાની શક્યતા છે.

પશ્ચિમ રેલ્વે
અમદાવાદ વિભાગ

સ્ટીલ ગિર્ડરને
RCC-PSC U TYPE
સ્લેબથી બદલવામાં આવશે

ઈ-ટેન્ડર સૂચના ક્રમાંક. સિનિયર ડીઈઈ/ટીઆર/એડીઆઈ/૧૩ (૨૦૨૫-૨૬). તારીખ. ૨૭-૦૬-૨૦૨૫ ક્રમાંક. ૧: ટેન્ડર ક્રમાંક. ટીઆરડી-એડીઆઈ-ટી-૦૨આરર-૨૦૨૫-૨૬ કામનું નામઃ અમદાવાદ વિભાગમાં હાલના સ્ટીલ ગિર્ડરને આરસીસી પીએસસી યુ ટાઈપ સ્લેબ અને નવા સ્ટીલ ગિર્ડરથી બદલવા. અંદાજિત કિંમતઃ રૂ. ૧,૩૨,૧૫,૦૯૦.૫૦/-, બાનાની રકમઃ રૂ. ૨,૧૬,૧૦૦/- સબમિશન અને ખોલવાની તારીખ અને સમયઃ ૨૮-૦૭-૨૦૨૫ અને ૨૮-૦૭-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાક સુધીમાં નહીં. ઓફિસનું સરનામું અને વેબસાઈટની વિગતોઃ સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. સામે. હોસ્પિટલ, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in

ADI-091

અમને પસંદ કરો facebook.com/WesternRly

# તંત્રી લેખ...

## વિદેશોમાં વસતા ભારતીયોએ રેકોર્ડબ્રેક ૧૧.૫૯ લાખ કરોડ સ્વદેશ મોકલ્યા

વિદેશમાં વસતાં નોન રેસિડન્ટ ઈન્ડિયન્સ (NRI) દ્વારા ભારત મોકલવામાં આવતું રેમિટન્સ રેકોર્ડ સ્તરે વધ્યું છે. ગત નાણાકીય વર્ષમાં ભારતમાં ૧૩૫.૪૬ અબજ ડૉલર (રૂ. ૧૧.૬૦ લાખ કરોડ)નું રેમિટન્સ મોકલવામાં આવ્યું છે. જે એનઆરઆઈ દ્વારા ભારત મોકલવામાં આવતાં નાણા પ્રવાહની અત્યારસુધીની રેકોર્ડ ટોચ છે. છેલ્લા એક દાયકામાં વૈશ્વિક સ્તરે ભારતમાં રેમિટન્સનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આરબીઆઈ દ્વારા તાજેતરમાં રજૂ કરાયેલા બેલેન્સ ઑફ પેમેન્ટ્સના આંકડાઓ અનુસાર, એનઆરઆઈ દ્વારા મોકલવામાં આવતું રેમિટન્સનું પ્રમાણ ગતવર્ષે ૧૪ ટકા વધ્યું છે. જે એક દાયકામાં ૨૦૧૬-૧૭માં ૬૧ અબજ ડૉલરની તુલનાએ લગભગ બમણાથી વધ્યું છે. આરબીઆઈના આંકડાઓ અનુસાર, ૩૧ માર્ચના અંતે પૂર્ણ થતાં નાણાકીય વર્ષમાં કુલ ચાલુ ખાતામાં રોકાણ પ્રવાહ કુલ ૧ લાખ કરોડ ડૉલર નોંધાયો હતો. જેમાં રેમિટન્સનો હિસ્સો ૧૦ ટકા રહ્યો હતો. આરબીઆઈના સ્ટાફ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં જાણવા મળ્યું કે, ભારતમાં મળતું રેમિટન્સ સામાન્ય રીતે ભારતના એફડીઆઈ રોકાણ કરતાં વધુ રહ્યું છે. રેમિટન્સ એ બાહ્ય ફંડિંગ રૂપે સ્થિર સ્રોત રહ્યું છે. આ રેમિટન્સ ભારતની વેપાર ખાધમાં ઘટાડો કરવા મદદરૂપ બને છે. દેશની કુલ વેપાર ખાધ ૨૮૭ અબજ ડૉલરનો ૪૭ ટકા હિસ્સો રેમિટન્સમાંથી મળ્યો હતો. વર્લ્ડ બૅન્કના આંકડાઓ અનુસાર, વૈશ્વિક સ્તરે ૨૦૨૪માં રેમિટન્સ પેટે આવક મેળવવામાં ભારત અગ્રણી રહ્યું છે. મેક્સિકો ૬૮ અબજ ડૉલર સાથે બીજા ક્રમે અને ચીન ૪૮ અબજ ડૉલર સાથે ત્રીજા ક્રમે રહ્યું છે. જે દર્શાવે છે કે, ભારતનો મોટાભાગનો કુશળ કામદાર વર્ગ અમેરિકા, યુકે, અને સિંગાપોર જેવા વિકસિત દેશોમાં સ્થાયી થઈ રહ્યો છે. રેમિટન્સ વાસ્તવમાં એ રકમ છે, જે વિદેશમાં રહેતાં લોકો પોતાના વતન મોકલે છે. વિદેશમાં વસતા ભારતીયો દ્વારા ભારત મોકલવામાં આવતી કમાણી ભારતના રેમિટન્સ તરીકે ઓળખાય છે. IMFની વ્યાખ્યા (૨૦૦૯) અનુસાર, રેમિટન્સને બે કેટેગરીમાં વહેંચવામાં આવે છે.

## કેન્દ્રીય નાણાં મંત્રી સ્પેન, પોર્ટુગલ અને બ્રાઝિલની સત્તાવાર મુલાકાતે રવાના

### કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત ચોથા આંતરરાષ્ટ્રીય વિકાસ માટે નાણાકીય પરિષદ (FFD4)ને સંબોધિત કરશે

કેન્દ્રીય નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ ૩૦ જૂનથી ૫ જુલાઈ ૨૦૨૫ દરમિયાન સ્પેન, પોર્ટુગલ અને બ્રાઝિલની સત્તાવાર મુલાકાતે જશે, જ્યાં નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. સ્પેનના સેવિલેની તેમની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય નાણાં પ્રધાન સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આયોજિત ચોથા આંતરરાષ્ટ્રીય વિકાસ માટે નાણાકીય સંમેલન (FFD4)માં હાજરી આપશે અને ભારત તરફથી નિવેદન આપશે. કેન્દ્રીય નાણાં પ્રધાન સેવિલેમાં "FFD4થી પરિણામ સુધી અમલીકરણઃ ટકાઉ વિકાસ માટે ખાનગી મૂડીની સંભાવનાને અનલોકિંગ" થીમ પર આંતરરાષ્ટ્રીય વ્યાપાર મંચ નેતૃત્વ સમિટમાં પણ હાજરી આપશે અને મુખ્ય ભાષણ આપશે. FFD4 દરમિયાન શ્રીમતી સીતારમણ જર્મની, પેરુ અને ન્યુઝીલેન્ડના વરિષ્ઠ મંત્રીઓ અને યુરોપિયન ઈન્વેસ્ટમેન્ટ બેંક (EIB)ના પ્રમુખને મળશે. પોર્ટુગલના લિસ્બનની તેમની મુલાકાત દરમિયાન કેન્દ્રીય નાણાં પ્રધાન પોર્ટુગલના નાણાં પ્રધાન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે, ઉપરાંત મુખ્ય રોકાણકારો અને ભારતીય ડાયસ્પોરા સાથે વાતચીત કરશે. રિયો ડી જાનેરોમાં, કેન્દ્રીય નાણાં પ્રધાન ભારતના ગવર્નર તરીકે ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)ની ૧૦મી વાર્ષિક બેઠકને સંબોધિત કરશે અને BRICS નાણા પ્રધાનો અને સેન્ટ્રલ બેંક ગવર્નર્સ મીટિંગ (FMCBG)માં પણ ભાગ લેશે. NDB મીટિંગના ભાગ રૂપે શ્રીમતી સીતારમણ NDB ફ્લેગશિપ ગવર્નર્સ સેમિનાર દરમિયાન "બિલ્ડિંગ અ પ્રિમિયર મલ્ટીનેશનલ ડેવલપમેન્ટ બેંક ફોર ધ ગ્લોબલ સાઉથ" થીમ પર પણ સંબોધન કરશે. NDB અંતર્ગત બેઠકોમાં કેન્દ્રીય નાણાં પ્રધાન બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા અને રશિયાના તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.

## ભાવનગરમાં કેન્દ્રીય રાજયમંત્રી નિમુબેનના અધ્યક્ષ સ્થાને વરિષ્ઠ નાગરિકો માટે એસેસમેન્ટ કેમ્પનો પ્રારંભ

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરીષ્ઠ નાગરીકો માટેના એસેસમેન્ટ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા એ વરિષ્ઠ નાગરિકોને એસેસમેન્ટ કેમ્પનો મહત્તમ લાભ લેવા અપીલ કરતાં જણાવ્યું હતું કે વયો શ્રી યોજના વરીષ્ઠ નાગરીકો સુધી પહોંચે અને એમના જીવનમાં સકારાત્મક બદલાવ આવી શકે તે માટે ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, એલિમ્કોના સહયોગથી તા. ૩૦ જૂન થી તા.૧૫ જૂલાઈ-૨૦૨૫ સુધી ભાવનગર શહેર અને તાલુકાઓમાં વિવિધ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે તા. ૩૦ જૂનથી તા. ૩ જૂલાઈ દરમ્યાન ભાવનગર સિટી, પૂર્વ, પશ્ચિમ અને ગ્રામ્યના ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે સર્ટી. ટી. જનરલ હોસ્પિટલ ખાતે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ એસેસમેન્ટ દ્વારા ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ, એલિમ્કો સહાયક ઉત્પાદન કેન્દ્ર ઉજ્જૈન દ્વારા વરીષ્ઠ નાગરીકોને ચાલવાની લાકડી, કાખઘોડી, વોકર, કાનનું મશીન, કૃત્રિમ દાંત, વ્હીલચેર, જેલ ફોમ ગાદી, ઘૂંટણના પટ્ટા, પગની સંભાળ માટે કીટ, એલએસ બેલ્ટ, સર્વાઈકલ કોલર, સીટ સાથે ચાલવાની લાકડી, કોમોડ સાથે ફોલ્ડિંગ ખુરશી વગેરે ૧૫ પ્રકારના ઉપકરણો પરીક્ષણ માટે (૧) આધાર કાર્ડ અને (૨) રૂ. ૧૫ હજાર કે તેથી ઓછી આવકના દાખલા સાથે નિઃશુલ્ક નોંધણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

---

**આજે કળિયુગમાં આ ત્રણે યુગમાં જોવા મળેલા દાનવો જેવા અસંખ્ય માનવો સમાજમાં પદ પ્રતિષ્ઠિત સ્થાન પર રહેલા જોવા મળે છે**

## ઈચ્છા નામની સર્પિણી દૂષિત વૃત્તિને જન્માવીને, પ્રેમ નામની સંજીવનીને પણ ભરખી જાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ક્ષમા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ક્ષમા એટલે માફ કરવું, કે માંફી માંગવી, પણ સમય જેમ જેમ આગળ વધતો જાય છે, એમ બૌદ્ધિકતા વધતા માનવી પોતાના અહમની ધરા વધુને વધુ મજબૂત કરતો જાય છે, સતયુગમાં શુંભ નિશુંભ, મહિસાસુર, ત્રિપુરાસુર, જેવા દૈત્યો અહંકારી હતાં.**

ટેલેન્ટને વિદ્યા માનવાની ભૂલ કરનારો સમાજ સમયની માંગને અનુરૂપ મલ્ટી ટેલેન્ટથી પ્રભાવિત થતો જાય છે, અને એકસાથે બે ત્રણ ઘોડા પર સવાર થાય છે, એને કારણે સાચી વિદ્યા પ્રાપ્ત કરી શકતો નથી, અને આમ સતત કોઈ ને કોઈ સ્પર્ધામાં જોતરાઈને હાર જીતનાં ચક્રવ્યૂહમાં ફસાતો જાય છે. શાંતિનું સૌથી મોટું કોઈ દુશ્મન હોય તો એ ડર છે! અને આ સ્પર્ધાત્મક યુગમાં હારનો ડર સતત બની રહેવાને કારણે નથી વિદ્યા પ્રાપ્ત થતી, નથી બીજા સાથે મૈત્રી થતી, અને અન્યને વિજેતા બનતા જોઈ ઈર્ષા નામના સૌથી મોટાં દુશ્મનને અંતરમાં સ્થાન મળી જાય છે, જે શાંતિ નહીં પણ અશાંતિ જન્માવે છે, અને સંતોષથી દૂર લઈ જાય છે. આપણે ત્યાં સત્ય એટલે ઈશ્વર એમ પણ કહેવાયું છે, અને શાંતિને સચ્ચિદાનંદ ઘન સ્વરૂપની સૌથી મોટી ઉપલબ્ધિ બતાવી છે! એટલે કે આનંદ ઘન સ્વરૂપને પામવા માટે શાંતિ અતિ આવશ્યક પરિબળ છે. સુખથી શાંતિની યાત્રા એટલે કે સ્વ થી સર્વ તરફ લઈ જતી વિચારધારા, જે ચરિત્ર નિર્માણના મહત્વનાં પડાવ પાર કરવાથી મળે છે. શક્તિ મેળવવી એ એટલું અઘરું નથી, સમય પ્રમાણે બૌદ્ધિકતા પણ કઠિન નથી, અને બુદ્ધિ હોવાથી કોઈ ને કોઈ વિદ્યા એટલે કે ટેલેન્ટ પણ પ્રાપ્ત થાય છે, બધાં પ્રત્યે નહીં પણ મિત્રનો ભાવ પણ પ્રગટાવી શકાય છે, પણ આગળની ભાવ શક્તિ એટલે ક્ષમાનું કવચ અંતરમાં કાયમ રાખવું એ બહુ કઠિન છે. ક્ષમા : ક્ષમા શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો ક્ષમા એટલે માફ કરવું, કે માંફી માંગવી.પણ સમય જેમ જેમ આગળ વધતો જાય છે, એમ બૌદ્ધિકતા વધતા માનવી પોતાના અહમની ધરા વધુને વધુ મજબૂત કરતો જાય છે. સતયુગમાં શુંભ નિશુંભ, મહિસાસુર, ત્રિપુરાસુર, જેવા દૈત્યો અહંકારી હતાં, ત્રેતા યુગમાં રાવણ, કુંભકર્ણ શૂર્પણખા, તાડકા, મારીચ જેવા અન્ય, દ્વાપરમા કંસ, ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, જરાસંઘ, શકુની શિશુપાલ, જ્યારે આજે કળિયુગમાં આ ત્રણે યુગમાં જોવા મળેલા દાનવો જેવા અસંખ્ય માનવો સમાજમાં પદ પ્રતિષ્ઠિત સ્થાન પર રહેલા જોવા મળે છે. ઘરે ઘરે રામાયણ અને ઘરે ઘરે મહાભારત જેમ પરિવાર કુરુક્ષેત્રનું મેદાન બન્યું હોય, એમ કોઈને કોઈ ને અહમની ભૂમિકાને પૃષ્ઠ કરતું જોવા મળે છે, અને એટલે જ શાંતિ રુપી મા જગત જનની સુધી પહોંચી શકાતું નથી. "ક્ષમા વીરસ્ય ભૂષણં" કહેવાયું છે,પણ આજકાલ આવાં વીર ચરિત્રની ઉણપ થતી જાય છે! હાં વ્યવહારમાં સોરી, થેન્ક્યુ સાવ સસ્તું થઈ ગયું છે, પણ અંતરમાં ક્ષમાનો ભાવ દુર્લભ છે. પણ પ્રેમનો કે મૈત્રીનો ભાવ હોય તો ક્ષમા શક્ય છે. આપણે ત્યાં ક્ષમા શબ્દ પરથી જ ક્ષમતા શબ્દ આવ્યો છે, અને વ્યવહારમાં બોલતા હોઈએ છીએ કે એની ગજબની ક્ષમતા છે!, અને એની એટલી ક્ષમતા જ નથી! એટલે કે જે તે વ્યક્તિની ક્ષમતા પરથી એની સહનશીલતાનું એક માપ નક્કી થાય છે. આપણાંમાં સહનશીલતા ઘટી ગઈ છે, અને એટલે આપણે ક્ષમાનાં મહત્વનાં ભાવથી દૂર થઈ રહ્યા છીએ, અને એ રીતે વીરતા પણ ઘટતી જાય છે. રણભૂમિમાં યુદ્ધ કરવું એ તો વીરની નિશાની છે, પણ આપણી સાથે દગો કરનાર કે વિશ્વાસઘાત કરનારને, પણ માફ કરી દેવું એ પણ વીરને નિશાની છે, અથવા તો બદલાની ભાવના ન કેળવીને, મૈત્રી કે પ્રેમની ધરોહરને બરકરાર રાખવી એ પણ વીરનું કામ છે. આપણે ઉપર જોયા એ તમામ દાનવો, શક્તિ, બુદ્ધિ કે વિદ્યાની રીતે ખૂબ જ ક્ષમતા ધરાવતાં હતાં, પરંતુ અહંકાર એટલો હતો કે સમયે ન કોઈને માફ કરી શક્યાં, કે ન કોઈની માફી માગી શક્યાં, અને એને કારણે એમને પોતાનું અસ્તિત્વ ખોયું. સમય એટલી તેજ ગતિએ આગળ વધી રહ્યો છે કે, અહીં સત્યના પારખા હવે મુશ્કેલ છે, અને ક્યારેક મોહ માયા કે મમતા વશ ન થવાં જેવું કંઈક થઈ જાય તો! જાહેરમાં માફી માંગી ન શકાય, તો ઈશ્વર સમક્ષ આત્મનિવેદન કરી, ખુદને પણ માફ કરી ફરી સત્ય નિષ્ઠ બનવું એ પણ વીરની નિશાની છે. પ્રીતિ : પ્રીતિ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો કોઈપણ સંબંધમાં પરસ્પરસનો પ્રેમ! પણ હું અને તું એટલાં બળવાન, બુદ્ધિશાળી કે વિદ્યાવાન બની ગયા છે! એટલે બંને વચ્ચેનું અંતર વધતું જ જાય છે. આપણે ત્યાં સ્ત્રી અને પુરુષને સમાજનાં ઘડવૈયા કહેવાયાં છે,પણ બંનેમાં કહેવાતી બધીજ ઉપલબ્ધિ હોવાથી બંનેની અહમની ભૂમિકા દ્રઢ છે. આ રીતે દરેકના પોતાના સ્વભાવની માનસિકતા અનુસાર જડ નિયમો કે આગ્રહો પણ વધતાં જાય છે, એટલે પ્રેમ કે પ્રીતિ, એ માત્ર વિજાતીય આકર્ષણ કે શારીરિક રીતે જ નિભાવીને માત્ર કામ પૃષ્ટિ થાય છે, અને એ પણ પોતાની શરતો પર! અને જે ન મળે તો ખરીદી પણ શકાય છે, એટલે એનું એટલું મહત્વ રહ્યું નથી. સંબંધમાં મૈત્રી ઓછી થતી ગઈ, ક્ષમાનો ભાવ ઘટતો ગયો, એટલે કે શાલીનતા ઓછી થતી ગઈ, અને ત્યાગ સમર્પણ કે બલિદાન વગર પ્રીત નિભાવી શકાતી નથી!: અને એવું પણ નથી કે પ્રેમને ન અનુભવ્યો હોય! બંને જણાંએ આ તત્વને અનુભવીને જ લગ્ન કર્યા, અને પછી એ પ્રેમની નિશાની રુપે બાળક જન્મે છે. કોણ માતા પિતા છે?, જે પોતાનાં બાળકને પ્રેમ નથી કરતું! છતાં એને સાચવી શકતા નથી! પ્રેમને નામે ક્યાંક મોહ, મમતા, તો ક્યાંક પઝેશન તો ક્યાંક શોષણ ! બસ આમ પ્રેમને દૂષિત કરનારા કેટલાંય ભાવ અંતરમાં આવી ગયા છે, અને એને કારણે આપણે પ્રેમને અનુભવી શકતા નથી. આજકાલ દરેકને પોતાનો મત રાખવાની સ્વતંત્રતા મળી છે, અને એટલે પરિવારમાં વ્યક્તિ એટલા મત પડે, એટલે મતભેદ ક્યારે મનભેદ કરાવી જાય એ ખબર પણ નથી રહેતી, અને એ કારણે પણ પ્રેમ ઘટતો જાય છે. પ્રેમ એ એક સંજીવની છે! અને સંજીવની હોય એ દુર્લભ જ હોય, માટે અંતરમાં હરક્ષણ આ ભાવ શક્તિને ટકાવી રાખવી એ બહુ અઘરું છે, પણ અશક્ય નથી. ઈચ્છા નામની સર્પિણી દ્વારા, નીંદા, ઈર્ષા, રાગ, દ્વેષ, ક્રોધ, અહંકાર, કે ભોગ માટેની લોભ, લાલચ, લાલસા, હિંસા બદલો અદેખાઈ, દેખાદેખી, જેવી સતત ડંખતી વૃત્તિ જન્મે છે. આમ પાયામાં ત્યાગ, સમર્પણ, કે બલિદાનની માટી ઓછી હોવાથી પાયો નબળો બને છે, કે પછી અંતઃકરણ ચતુષ્કોણની દિવાલોમાં આવા દૂષિત ભાવનો લૂણો લાગ્યો હોવાથી ગૃહસ્થાશ્રમની ઈમારત મજબૂત રહેતી નથી. તો તત્વતઃ ક્ષમા અને પ્રીતિ બન્ને શક્તિ કવચથી અંતરને મજબૂત બનાવી આ દૂષિત ભાવને દૂર રાખીને વિશુદ્ધ પ્રેમ એટલે કે ભક્તિ સુધી પહોંચી શકાય એમ છે, જય સીયારામ.

---

**જે ઈશ્વરનો કાયદો પાળતો નથી, ધર્મને જે માનતો નથી તેવા નાસ્તિકનું પોષણ પણ પરમાત્મા કરે છે. તો મારું પોષણ કનૈયો શું નહીં કરે?**

## જોયાનું ઝેર સાંભળ્યાની ગેરસમજ અને વાણીનું વિષ જીવનમાં હમેશાં વાવાઝોડું લાવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો જપની ગણતરી કરવાની હોય નહીં, ગુરુ એ મને વાસુદેવ ગાયત્રી મંત્રના બત્રીસ લાખ જપ કરવાનું કહ્યું, કહે કે બત્રીસ લાખ જપ થશે તો વિધાતાના લેખ પણ ભુંસાશે પાપનો વિનાશ થશે, માટે રાત ને દિવસ કેવળ આ મહામંત્ર નો જપ કરજે.**

જો આપણે ભગવાનની પૂજા કરીએ છીએ, તો આપણેએ પણ શ્રદ્ધા રાખવી જોઈએ કે ભગવાન હંમેશા આપણી સાથે છે. તે આપણા કરતાં વધુ આપણી ચિંતા કરે છે. જો તમે ક્યારેય ખૂબ મુશ્કેલીમાં હોવ અને તમને કોઈ ઉકેલ દેખાતો ન હોય, તો તમારી આંખો બંધ કરો અને શ્રદ્ધાથી બૂમ પાડો, મારા પર વિશ્વાસ કરો, તમારી સમસ્યા થોડા જ સમયમાં ઉકેલાઈ જશે..!! આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો જપની ગણતરી કરવાની હોય નહીં, ગુરુ એ મને વાસુદેવ ગાયત્રી મંત્રના બત્રીસ લાખ જપ કરવાનું કહ્યું. કહે કે બત્રીસ લાખ જપ થશે તો વિધાતાના લેખ પણ ભુંસાશે પાપનો વિનાશ થશે. માટે રાત ને દિવસ કેવળ આ મહામંત્ર નો જપ કરજે.મંત્રથી જીવનો ઈશ્વર સાથે સંબંધ થાય છે. પહેલાં શબ્દ સંબંધ પછી બ્રહ્મ સંબંધ અને છેલ્લે પ્રત્યક્ષ સંબંધ! રોજ એવી ભાવના રાખવી કે શ્રીકૃષ્ણ મારી સાથે છે. ખાવા બેસો ત્યારે એવી ભાવના કરો કનૈયો જમવા બેઠો છે. સૂઓ ત્યારે પ્રભુ સાથે સૂતા છે એવી ભાવના કરો.યોગ સિદ્ધ થાય નહીં ત્યાં સુધી ભાવના ભર્યા કરો. પછી મને છેલ્લો ઉપદેશ દેતાં ગુરુજીએ કહ્યું:'બેટા,તું બાલકૃષ્ણ નું ધ્યાન કરજે. શ્રીકૃષ્ણનું બાલ સ્વરૂપ અતિ મનોહર છે." બાળકને થોડું આપોતો પણ રાજી થાય છે. તેથી ગુરુદેવે બાલ ઉપાસનાની બાલસ્વરૂપનું ધ્યાન કરવાની મને આજ્ઞા કરી. મારા ગુરુજી મને છોડીને ગયા. મને ઘણું દુઃખ થયું. દુર્જન જ્યારે મળે છે ત્યારે દુઃખ આપે છે.સંત જ્યારે છોડીને જાય છે ત્યારે દુઃખ આપે છે. આટલું કહેતાં કહેતાં નારદજી રડી પડયા. થોડીવાર પછી એમણે વાત આગળ ચલાવીઃ મેં નિશ્ચય કર્યો અને જપ શરૂ કર્યો. હું સતત જપ કરતો. જપ કર્યા સિવાય મને ચેન પડે નહીં. હાલતાં-ચાલતાં અને સ્વપ્રમાં પણ જપ કરું. જપની ધારા અતૂટ રહેવીજોઈએ એકવર્ષ સુધી વાણીથી જપ કરવા ત્રણ વર્ષ કંઠથી જપ કરવા.ત્રણ વર્ષ પછીથી મનથી જપ થશે એ પછી અજપા જપ થાય છે. માને આ ગમતું ન હતું તેમ છતાં મેં બાર વર્ષ સુધી બાર અક્ષરના મહામંત્રનો જપ કર્યો. મનુષ્ય જપ કરે છે ને છળકપટ પણ કરે છે, તો તેના પુણ્યનો નાશ થાય છે. માની બુદ્ધિ ભગવાન ફેરવશે એમ માની મેં કદી સામો જવાબઆપ્યો નહીં. મેં મારી માનો કોઈ દિવસ અનાદર કર્યો નહીં.તે પછી એક દિવસે માતા ગૌશાળામાં ગઈ ત્યાં તેને સાપ કરડયો. 'માએ શરીરનો ત્યાગ કર્યો. મેં માન્યું કે મારો ઋણ સંબંધ પૂરો થયો ને મારા ભગવાનનો મારા ઉપર અનુગ્રહ થયો. માતાજીના શરીરને અગ્નિ સંસ્કાર કર્યા. મને આનંદ થયોકે માતાજીના ઋણમાં થી હું મુક્ત બન્યો. ઘરમાં જે કંઈ હતું તે સર્વમાની પાછળ મેં વાપરી નાખ્યું.મને પ્રભુમાં શ્રદ્ધા હતી તેથી મેં કંઈ સંઘર્યું નહીં. જન્મ થતાં પહેલાં જ માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર દયાળુ ભગવાન મારા પોષણની વ્યવસ્થા શું નહીં કરે? પરમાત્મા વિશ્વંભર છે તો શું એ મારું પોષણ નહીં કરે? પહેરેલાં કપડે મેં ઘરનો ત્યાગ કર્યો.' જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે. ભગવાન નાસ્તિકનું પણ પોષણ કરે છે. નાસ્તિક કહે છે,હું ઈશ્વરમાં માનતો નથી. પરંતુ મારા પરમાત્મા કહે છે, બેટા તું મને માનતો નથી પણ હું તને માનું છું તેનું શું? જીવ ભલે અજ્ઞાનમાં ગમે તેમ બોલે, પણ ઠાકોરજી કહે છે, તું મારો અંશ છે.એ તો ઠાકોરજીની કૃપા છે એટલે લીલાલહેર છે. ઠાકોરજીની કૃપા ન હોય તો લાખની રાખ થતાં વાર લાગશે નહીં.આ સંસાર ઠાકોરજી ના આંગળીના ટેરવા ઉપર છે. ઠાકોરજીના આધારે એટલે સુખી છે.ફટકા પડે છે,ત્યારે ઘણાં ભગવાનમાં માનવા લાગે છે, પરંતુ ફટકો પડતાં સાવધ થાય તે ડાહ્યો. જે ઈશ્વરનો કાયદો પાળતો નથી, ધર્મને જે માનતો નથી તેવા નાસ્તિકનું પોષણ પણ પરમાત્મા કરે છે. તો મારું પોષણ કનૈયો શું નહીં કરે? મેં કોઈ વસ્તુનો સંગ્રહ કર્યો નથી, પણ મારા ભગવાનને કોઈ દિવસ ભૂખ્યા રાખ્યા નથી. બાર વર્ષ સુધી મેં અનેક તીર્થોમાં ભ્રમણ કર્યું. એમ ફરતો ફરતો હું ગંગા નદીને કિનારે આવ્યો. ગંગાસ્નાન કરી એક પીપળાના ઝાડ નીચેબેસી હું જપ કરતોહતો ગુરુદેવે આજ્ઞા કરી હતી કે ખૂબ જપ કરજે. પ્રભુદર્શન આપે તો પણ જપ છોડતો નહીં. ગંગાકિનારે બાર વર્ષ રહ્યો. ચોવીસ વર્ષથી હું ભાવના કરતો હતો કે કનૈયો મારી પાસે છે. પણ મારા પૂર્વજન્મના પાપે મને તેનાં દર્શન થતાં નથી. છતાં શ્રદ્ધા હતી કે એક દિવસ તે મને દર્શન આપશે. મારો દૃઢ નિર્ધાર હતો કે મારે શ્રીકૃષ્ણનાં મારે પ્રત્યક્ષ દર્શન કરવાં શ્રીકૃષ્ણદર્શનની તીવ્ર લાલસા જાગી. પળે પળે મને થાય કે મારા શ્રી કૃષ્ણની ઝાંખી થાયતો કેવું સારું? અને છેવટે મારા લાલાએ કૃપા કરી. એક દિવસ ધ્યાનમાં મને સુંદર નીલવર્ણો પ્રકાશ દેખાયો. પ્રકાશને નિહાળી હું જપ કરતો હતો,ત્યારે પ્રકાશમાંથી બાલકૃષ્ણ નું સ્વરૂપ પ્રગટ થયું.મનેબાલકૃષ્ણ લાલના મનોહર સ્વરૂપની ઝાંખી થઈ. મારા શ્રીકૃષ્ણે કસ્તૂરીનુંતિલક કર્યું હતું,વક્ષઃસ્થળમાં કૌસ્તુભ માળા ધારણ કરેલી હતી. નાકમાં મોતી હતું. આંખો પ્રેમથી ભરેલી હતી. મને જે આનંદ થયો તેનું વર્ણન કરવાની શક્તિ મારી વાણીમાં તો શું, પણ સરસ્વતીમાં પણ નથી. મને થયું હું દોડતો જાઉં અને શ્રીકૃષ્ણના ચરણ વંદન કરું. હું જ્યાં વંદન કરવા ગયો,ત્યાં અંત ર્ધ્યાન થયા.શ્રીકૃષ્ણ મને કેમ છોડી ને ચાલ્યા ગયા.ત્યાં આકાશવાણી એ મને આજ્ઞા કરી કે, તારા મનમાં સૂક્ષ્મ વાસના રહેલી છે.જેના મન માં સૂક્ષ્મ વાસના રહેલી છે, તેને હું દર્શન આપતો નથી. આ જન્મ માં હવે તને મારાં દર્શન થશે નહીં. આમ તો તારી ભક્તિથી હું પ્રસન્ન છું.તારા પ્રેમને,ભક્તિને પુષ્ટ કરવા મેં તને દર્શન આપ્યાં છે પણ તારે હજુ એક જન્મ વધારે લેવો પડશે દૃષ્ટિ અને મનને સુધારી સતત વિચાર કે હું તારી સાથે છું. જીવનના છેલ્લા શ્વાસ સુધી જપ કરવા. ભજન વિનાનું ભોજન પાપ સમજજે. સત્કર્મની કદી સમાપ્તિ હોય નહીં. જે દિવસે જીવનની સમાપ્તિ તે દિવસે સત્કર્મની સમાપ્તિ. પછી હું ગંગાકિનારે રહ્યો. મરતાં પહેલાં મને અનુભવ થયો કે આ શરીરથી હું જુદો છું મારી જડ- ચેતનની ગ્રંથિ છૂટી ગઈ. શરીર અને આત્માની ગ્રંથિ ઊકલી ગઈ! શરીરથી આત્મા જુદો છે એ સર્વ જાણે છે. પણ અનુભવે છે કોણ? જેએ અનુભવે તે જ્ઞાનીને કૃતાર્થ છે, તુકારામ મહારાજે કહ્યું છે કે મેં મારી આંખે મારું મરણ જોયું. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત રશિયા યુક્રેન વચ્ચે તણાવભરી પરિસ્થિતિમાં કોઈ ફેર નથી પડતો પ્રજા ત્રાહિમામ પોકારી રહી હોવા છતાં શાસકો તેમની જિદ પર મક્કમ છે ત્યારે આપણે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે બંને વચ્ચે શાંતિભર્યું વાતાવરણ બને આજે બસ અહીં અટકીએ અસ્તુ

---

**ભગવાને મનુષ્યોને જે વિચાર અને સમજણની શક્તિ આપી છે તેનો ઉપયોગ તમામ જીવંત પ્રાણીઓના કલ્યાણ માટે થવો જોઈએ**

## ભારતના રાષ્ટ્રપતિએ ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થાના દીક્ષાંત સમારોહને સંબોધ્યું

**માનવજાતનો જંગલો અને વન્યજીવન સાથે સહઅસ્તિત્વનો સંબંધ છે, તેમણે ધ્યાન દોર્યું કે ઘણી પ્રજાતિઓ કાં તો લુપ્ત થઈ ગઈ છે અથવા લુપ્ત થવાની આરે છે.**

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૩૦ જૂન, ૨૦૨૫એ ઉત્તર પ્રદેશના બરેલી ખાતે ભારતીય પશુચિકિત્સા સંશોધન સંસ્થા (IVRI) ના દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે 'ઈશાવાસ્યમ ઈદમ સર્વમ' ના જીવન મૂલ્ય પર આધારિત આપણી સંસ્કૃતિ, બધા જીવોમાં ભગવાનની ઉપસ્થિતિ જુએ છે. આપણા દેવતાઓ અને ઋષિઓએ પ્રાણીઓ સાથે વાતચીત કરી હતી તેવી માન્યતા પણ આ જ વિચારસરણી પર આધારિત છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે માનવજાતનો જંગલો અને વન્યજીવન સાથે સહઅસ્તિત્વનો સંબંધ છે. તેમણે ધ્યાન દોર્યું કે ઘણી પ્રજાતિઓ કાં તો લુપ્ત થઈ ગઈ છે અથવા લુપ્ત થવાની આરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ પ્રજાતિઓનું સંરક્ષણ જૈવવિવિધતા અને પૃથ્વીના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ભગવાને મનુષ્યોને જે વિચાર અને સમજણની શક્તિ આપી છે તેનો ઉપયોગ તમામ જીવંત પ્રાણીઓના કલ્યાણ માટે થવો જોઈએ. કોરોના રોગચાળાએ માનવજાતને ચેતવણી આપી છે કે વપરાશ પર આધારિત સંસ્કૃતિ માત્ર માનવજાતને જ નહીં પરંતુ અન્ય જીવંત પ્રાણીઓ અને પર્યાવરણને પણ અકલ્પનીય નુકસાન પહોંચાડી શકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે, 'એક સ્વાસ્થ્ય' ની વિભાવના સમગ્ર વિશ્વમાં મહત્વ મેળવી રહી છે. આ વિભાવના માને છે કે મનુષ્ય, પાલતુ અને જંગલી પ્રાણીઓ, વનસ્પતિ અને વ્યાપક પર્યાવરણ બધા એકબીજા પર આધારિત છે. આપણે પ્રાણી કલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેમણે કહ્યું કે એક અગ્રણી પશુચિકિત્સા સંસ્થા તરીકે, IVRI આ ક્ષેત્રમાં, ખાસ કરીને ઝૂનોટિક રોગોના નિવારણ અને નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે અન્ય ક્ષેત્રોની જેમ, ટેકનોલોજીમાં પણ પશુચિકિત્સા દવા અને સંભાળમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની ક્ષમતા છે. ટેકનોલોજીનો ઉપયોગ દેશભરની પશુચિકિત્સા હોસ્પિટલોને સશક્ત બનાવી શકે છે. જીનોમ એડિટિંગ, ગર્ભ ટ્રાન્સફર ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિ અને મોટા ડેટા એનાલિટિક્સ જેવી ટેકનોલોજીનો ઉપયોગ આ ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. તેમણે IVRI જેવી સંસ્થાઓને પ્રાણીઓ માટે સ્વદેશી અને ઓછી કિંમતની સારવાર અને પોષણ માટેની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે તેમણે એવી દવાઓના વિકલ્પો પણ શોધવા જોઈએ જેની આડઅસરો ફક્ત પ્રાણીઓને જ નહીં પરંતુ માનવો અને પર્યાવરણને પણ અસર કરે છે. રાષ્ટ્રપતિએ IVRI ના વિદ્યાર્થીઓની પ્રશંસા કરી કે તેઓ નિર્દોષ અને મૂંગા પ્રાણીઓની સારવાર અને કલ્યાણને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરી છે. તેમણે તેમને સલાહ આપી કે જો તેમના જીવન અને કારકિર્દીમાં કોઈ મૂંઝવણ આવે તો તે પ્રાણીઓ વિશે વિચારે. તેમણે કહ્યું કે તે તેમને સાચો રસ્તો બતાવશે. .




# ઉમરાઓ જાન માટે સ્મિતા પાટીલ પહેલી પસંદ હતી

રેખાની અતિ લોકપ્રિય ફિલ્મ 'ઉમરાવ જાન' રિલીઝ થઈ એને આજે ૪૪ વર્ષ થઈ ગયા છે, છતાં એ ફિલ્મની લોકપ્રિયતા અકબંધ છે. મુઝફ્ફર અલીએ આ ફિલ્મ ડિરેક્ટ કરી હતી, તેમણે ૨૭ જુને આ ફિલ્મ ફરી રિલીઝ કરી છે. ત્યારે તેમણે મુઝફ્ફર અલીએ આ ફિલ્મ માટે રેખાની પસંદગી, ફિલ્મના સંગીત અને ફિલ્મના શૂટિંગ અંગે એક ઈન્ટર્વ્યુમાં વાત કરી છે. રેખાની પસંદગી અંગે મુઝફ્ફર અલીએ જણાવ્યું, "શરૂઆતમાં, મેં સ્મિતા પાટીલનો વિચાર કર્યો હતો. એણે મારી સાથે ગમનમાં કામ કર્યું હતું અને તેણે આ ફિલ્મમાં પણ ઘણું સારું કામ કર્યું હોત. પરંતુ પછી અમે વિચાર્યું કે અમારે કોઈ વધુ આકર્ષક વ્યક્તિની જરૂર છે. અંતે, રેખાની નજર અને અદા કામ કરી ગયાં. જ્યારે મેં પાત્ર વાંચ્યું અને તેને જીવ્યો અને સલમા સિદ્દીકીના અવાજમાં રેકોર્ડ થયેલી ફિલ્મ વારંવાર સાંભળી, એમાં રેખા જ દેખાઈ. એની આંખોમાં એ તાકાત હતી, જે એક સાથે ચડાવ અને ઉતારની વાર્તા કહી શકે. રેખાએ જે કર્યું એ મને નથી લાગતું બીજો કોઈ કરી શક્યા હોત.''મુઝફ્ફર અલીએ એવું પણ કહ્યું કે તમારામાં લોકોને થિએટર સુધી ખેંચી લાવવાની ક્ષમતા હોવી જોઈએ. "તેની પોતાની સુંદરતા ફિલ્મ ટકી શકવી જોઈએ. આપણે ત્યાં એક ખોટી માન્યતા છે કે પહેલાં કે બીજા અઠવાડિયામાં આપણે ઘણા પૈસા કમાઈ લીધાં છે, પરંતુ શું એ ફિલ્મ આવનારા ૪૪ વર્ષ સુધી જીવંત રહેશે? તમારામાં એ કરવાનો જુસ્સો હોવો જોઈએ. કદાચ તમારે પૈસા કમાવા માટે મોટા નામને કાસ્ટ કરવા પડશે, પણ એનાથી કદાચ જ કોઈ ફરક પડે છે.''સામાજિક નિસબત સાથેને અને ઊંડા પાત્રો, જે ઘણી વખત જોખમી ગણાય છે એવા વિષયો સાથે ફિલ્મ બનાવવા માટે જાણીતા મુઝફ્ફર અલી કહે છે, "હું મારું મન કહે એમ કરું છું. હું એક ચિત્રકાર છું જે દુનિયાને અલગ રંગથી જુએ છે, જેને કવિતામાંથી પ્રેરણા મળે છે અને જે સંગીતથી ભરપુર છે, તેનાથી જેને નૃત્ય કરવાની પ્રેરણા મળે છે. આ મારી પોતાની દૃષ્ટિ હતી એટલે મને આમાં કોઈ જોખમ ન લાગ્યું. મને લાગતું કે આ વિષયોની ફિલ્મ બનાવવી સૌથી સુરક્ષિત છે. કાસ્ટિંગ મહત્વનું હતું, મને લાગે છે, રેખાની હાજરીથી એમાં ઘણો ફરક પડ્યો. પરંતુ મને લાગે છે કે, તેનાથી પણ વધુ લોકો એના પાત્ર સાથે પોતાની જાતને જોડી શક્યા. તેનું આ પરિણામ છે.''

# જો મેં આ રીતે કિસ કરી હોત તો આવો બખેડો ન સર્જાયો હોત :આદિત્ય નારાયણ

**આદિત્યએ કહ્યું, 'પિતા સંગીત ઉદ્યોગના એક વરિષ્ઠ સભ્ય બની ગયા છે અને તેમના ચાહકો ૬-૬૦ વર્ષની વયના છે**



૯૦ના દાયકામાં બોલિવૂડને ઘણા સુપરહિટ ગીતો આપનાર ગાયક ઉદિત નારાયણ થોડા સમય પહેલા એક વિચિત્ર કારણસર હેડલાઈન્સમાં હતા. તેમનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેમણે એક લાઈવ શો દરમિયાન પોતાની મહિલા ચાહકને લિપ કિસ કરી હતી. આ પછી, ગાયકને ખૂબ ટ્રોલ કરવામાં આવ્યો હતો. જોકે, ઉદિત નારાયણે કહ્યું કે તેમનો આ વીડિયો ઘણો જૂનો છે. હવે ગાયકના પુત્ર આદિત્ય નારાયણે પોતાના પિતા સાથેના વિવાદ વિશે ખુલ્લેઆમ વાત કરી છે.આદિત્ય નારાયણ કહે છે કે જ્યારે આ વિવાદ તેમના પિતા ઉદિત નારાયણ સાથે થયો હતો, ત્યારે તેઓ લોકોના ગુસ્સાને સમજી શક્યા ન હતા. તેઓ એવા સમયથી આવે છે જ્યારે કોઈ ચાહક તમને પ્રેમ આપતો હતો, તો જો તમે બદલામાં તેને પ્રેમ આપો છો, તો તે ખોટું માનવામાં આવતું નથી. આદિત્ય એમ પણ કહે છે કે ઉદિત નારાયણને સંમતિ શું છે તેનો કોઈ ખ્યાલ નહોતો. પણ હવે તે જાણે છે.તેમણે કહ્યું, "ઈન્ટરનેટ એક વિચિત્ર વસ્તુ છે. સોશિયલ મીડિયા વાસ્તવિક સ્થાન નથી અને તમે અહીં જે કંઈ જુઓ છો તે સંપૂર્ણ સત્ય નથી. જાહેર વ્યક્તિઓ તરીકે, દુનિયામાં શું ચાલી રહ્યું છે તેના પર આપણું કોઈ નિયંત્રણ નથી. શરૂઆતમાં, પિતા સમજી શકતા ન હતા કે લોકો શેના પર ગુસ્સે છે. તે એક અલગ સમય અને વિચારસરણીમાંથી આવે છે. તેમના સમયમાં, ચાહકો સ્ટેજ પર કલાકારો પર તેમના અંડરગાર્મેન્ટ ફેંકતા હતા."હવે તમે તે કરી શકતા નથી. તેવી જ રીતે, તે એવા સમયમાંથી આવે છે જ્યારે જો કોઈ ચાહક તમને પ્રેમ આપે છે, તો તમે બદલામાં પ્રેમ આપવાનું ખોટું નથી માનતા. પરંતુ હવે સદભાગ્યે આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં સંમતિ નામની વસ્તુ અસ્તિત્વમાં છે. તેને તેના વિશે કોઈ ખ્યાલ નહોતો. આ મહાન છે પણ ખૂબ જ નવો વિકાસ પણ છે. હવે વસ્તુઓ ઉંમર પ્રમાણે થવા લાગી છે. કદાચ જો મેં તે કર્યું હોત અને તે ૩૨ વર્ષની છોકરી હોત, તો તે આટલી મોટી વાત ન હોત. આદિત્ય નારાયણ આગળ કહે છે કે જ્યારે તેના પિતા કોઈ વાત સમજી શકતા નથી, ત્યારે તે તેને શીખવે છે અને સમજાવે છે. ગાયકના પુત્રએ તેને સમજાવ્યું કે તે એક સેલિબ્રિટી છે. જો તે કંઈ કરે છે, તો તે તરત જ લોકોના ધ્યાન પર આવે છે.

## પુત્ર આદિત્યએ પિતા ઉદિતને સંમતિનો અર્થ સમજાવ્યો...



આદિત્યએ કહ્યું, 'પિતા સંગીત ઉદ્યોગના એક વરિષ્ઠ સભ્ય બની ગયા છે અને તેમના ચાહકો ૬-૬૦ વર્ષની વયના છે. તેથી તે આ ઘટનાઓ કોની સાથે બની રહી છે તેના પર નિર્ભર કરે છે. તેમને ખબર નહોતી કે સંમતિ શું છે.મેં તેને ફક્ત એક જ વાત સમજાવી કે તમે એક જાહેર વ્યક્તિ છો. કોઈ તમને કેવી રીતે પ્રેમ આપી રહ્યું છે તે ક્યારેય સમાચાર બનશે નહીં. પરંતુ તમે તેના પ્રેમનો કેવી રીતે પ્રતિભાવ આપો છો તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તમે એક રોલ મોડેલ છો.

# ત્રિશા કૃષ્ણને દક્ષિણના મંદિરમાં યાંત્રિક હાથીનું દાન કર્યું

દક્ષિણની અભિનેત્રી ત્રિશા કૃષ્ણને તમિલનાડુના મંદિરોમાં યાંત્રિક હાથીનું દાન કર્યું છે. આ હાથીનું નામ ગજ છે. ત્રિશાએ મંદિરમાં આવતા ભક્તો માટે શાકાહારી ભોજનની પણ વ્યવસ્થા કરી હતી.દક્ષિણની પ્રખ્યાત અભિનેત્રી ત્રિશા કૃષ્ણને તમિલનાડુના અષ્ટલિંગ અતિશેષા સેલ્વા વિનયાગર અને અષ્ટભુજા અતિશેષા વારાહી અમ્માન મંદિરોમાં જીવંત યાંત્રિક હાથીનું દાન કર્યું છે. શુક્રવારે, મંદિરોએ ગજ નામના હાથીનું અનાવરણ કર્યું અને ત્રિશાએ હાજર તમામ ભક્તો માટે શાકાહારી ભોજનની વ્યવસ્થા પણ કરી. પીપલ ફોર કેટલ ઈન ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં, ત્રિશાએ મંદિરોમાં ગજનું દાન કરવાનું કારણ સમજાવ્યું. ત્રિશા કૃષ્ણને કહ્યું, "આ સુંદર ક્ષણનો ભાગ બનવા માટે હું ખૂબ જ રોમાંચિત છું. ત્રિશા કૃષ્ણને કહ્યું, આ સુંદર ક્ષણનો ભાગ બનવા માટે હું ખૂબ જ રોમાંચિત છું. ભક્તિ જ્યારે કરુણામાં





મૂળ હોય છે ત્યારે તે સૌથી વધુ ચમકે છે, ભક્તિ જ્યારે કરુણામાં મૂળ હોય છે ત્યારે તે સૌથી વધુ ચમકે છે. આપણી મંદિર પરંપરાઓમાં યાંત્રિક હાથીનું સ્વાગત કરવું એ દયા, નવીનતા અને સંસ્કૃતિનો ઉત્સવ છે. ત્રિશા કૃષ્ણને કહ્યું, આ સુંદર ક્ષણનો ભાગ બનવા માટે હું ખૂબ જ રોમાંચિત છું. ભક્તિ જ્યારે કરુણામાં મૂળ હોય છે ત્યારે તે સૌથી વધુ ચમકે છે, તેણીએ એમ પણ કહ્યું, 'અમે અમારા વારસાનું સન્માન એવી રીતે કરી રહ્યા છીએ જે કોઈ નુકસાન ન કરે, પરંતુ ફક્ત સદ્ભાવના કરે. આ પગલું પ્રગતિનું ગૌરવપૂર્ણ પ્રતીક છે, જ્યાં શ્રદ્ધા અને સહાનુભૂતિ એકસાથે ચાલે છે. મને આશા છે કે તે ઘણા લોકોને એવા ભવિષ્યને સ્વીકારવા માટે પ્રેરણા આપશે જ્યાં પ્રેમ ઓમારા રિવાજોનું નેતૃત્વ કરે અને પરંપરાના નામે કોઈને દુઃખ ન ભોગવવું પડે.ત્રિશા કૃષ્ણને આ વર્ષે 'વિદામુઆર્ચી', 'ગુડ બેડ અગ્લી' અને 'ઠગ લાઈફ'માં કામ કર્યું છે. તે ટૂંક સમયમાં 'વિશ્વંભરા' અને 'કરુપ્પુ'માં પણ જોવા મળશે. મંદિરમાં આવતા ભક્તો માટે ભોજનની પણ વ્યવસ્થા કરાઈ હતી.



કાંટા લગા ફેમ ગર્લ શેફાલીના આકસ્મિક નિધનથી મનોરંજન જગત હચમચી ગયું

# એક્ટ્રેસ શેફાલી જરીવાલાને લઈને ભાઈએ કર્યો ચોંકાવનારો ખુલાસો

કાંટા લગા ફેમ ગર્લ એક્ટ્રેસ શેફાલી જરીવાલાના આકસ્મિક નિધનથી મનોરંજન જગત હચમચી ગયું છે. પરિવારના સભ્યો અને ફેન્સ પણ તેના નિધનથી દુઃખી થઈ ગયા છે. એક્ટ્રેસને અંતિમ વિદાય આપવા મિત્રો અને પરિવારના લોકો પહોંચી રહ્યા છે આ બધા વચ્ચે એક્ટ્રેસના માનેલા ભાઈ અને સોશિયલ મીડિયા સેન્સેશન હિંદુસ્તાની ભાઉ ઉર્ફે વિકાસ ફાટક પણ તેના અંતિમ દર્શન કરવા માટે પહોંચ્યા હતા અને તેઓ શેફાલાની નિધનથી એકદમ વ્યથિત થઈ ગયા છે. તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આવો જોઈએ શું કહ્યું શેફાલી જરીવાલાના આ માનેલા ભાઈએ-શેફાલી જરીવાલા દર વર્ષે હિંદુસ્તાની ભાઉને રાખડી બાંધતી હતી, પરંતુ તેના નિધન બાદ હવે આ પરંપરા અહીં જ અટકી જશે. આ વખતે રક્ષા બંધન પર હિંદુસ્તાની ભાઉનો કાંડો ખાલી ખાલી રહી જશે. હિંદુસ્તાની ભાઉ અને શેફાલી વચ્ચે સ્ટ્રોન્ગ કનેક્શન છે અને બંને જણ સાથે મળીને ગણેશોત્સવ દરમિયાન ગણપતિ બાપ્પાનું સ્વાગત કરતાં હતા. શેફાલી અને વિકાસ બંને જણ સલમાન ખાનના રિયાલિટી ટીવી શો બિગ બોસ-૧૩માં મળ્યા હતા.




ત્યાં જ બંને જણ પહેલાં મિત્રો અને ભાઈ-બહેન બની રહ્યા. શો પૂરો થયા બાદ પણ બંને વચ્ચેનો આ સંબંધ જળવાઈ રહ્યો હતો.શેફાલીના નિધન બાદ હિંદુસ્તાની ભાઉ તેને છેલ્લી વખત જોવા માટે કૂપર હોસ્પિટલ પહોંચ્યા હતા અને જેવા તેઓ પોતાની કારમાંથી ઉતર્યા કે તરત જ મીડિયાએ તેને ઘેરી લીધા હતા. આ સમયે હિંદુસ્તાની ભાઉએ પોતાની જાતને સંભાળતા જોવા મળ્યા હતા.હિંદુસ્તાની ભાઉએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે મારો અને શેફાલીને સંબંધ ખૂબ જ અલગ હતો. મારા માટે એ મારી દીકરી જેવી હતી, ખૂબ જ ખરાબ થયું હતું. ક્યારેય આવું થશે એવું વિચાર્યું નહોતું. વર્ષમાં ત્રણ ચાર વખત અમારી વાત થતી હતી.

**તેણે કહ્યું 'અંદાઝ અપના અપના ૨' બનાવશે**

# શાહરુખ, સલમાન ખાન અને મારે સાથે એક ફિલ્મમાં કામ કરવું છે

**થોડાં વખતથી આમિર ખાન-રાજકુમાર હિરાની દાદા સાહેબ ફાળકેની બાયોગ્રાફી પર કામ કરી રહ્યા હોવાની ચર્ચા છે**



તાજેતરમાં આમિરની ફિલ્મ 'સિતારેં ઝમીન પર' રિલીઝ થઈ છે, જે બોક્સ ઓફિસ પર પણ સારી ચાલી રહી છે અને દર્શકો તરફથી આ ફિલ્મને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઘણા વિવેચકોએ પણ આ ફિલ્મન વખાણી છે. ત્યારે આજકાલ આમિર વિવિધ ચેનલ અને પ્લેટફર્મ પર પોતાની ફિલ્મનું પ્રમોશન અને ઈન્ટરવ્યુ કરી રહ્યો છે. ત્યારે એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાની આગામી ફિલ્મો અને તેની સફર વિશે વાત કરી હતી. આ સાથે તેણે એવું પણ કહ્યું કે તેની લોકપ્રિય ફિલ્મ 'અંદાઝ અપના અપના'ની સિક્વલનું કામ ચાલુ છે. તેણે શાહરુખ અને સલમાન સાથે કામ કરવાની શક્યતાઓ પર પણ વાત કરી હતી.'અંદાઝ અપના અપના'ની સિક્વલ વિશે વાત કરતા તેણે કહ્યું,"હાલ આપણે વાત કરી રહ્યાં છીએ ત્યારે રાજ સંતોષી સ્ક્રિપ્ટના ડ્રાફ્ટ પર કામ કરી રહ્યા છે. તો જો બધું જ સરખું થયું અને સરખું ચાલ્યું તો આપણને સિક્વલ જોવા મળશે.''આમિરની સલમાન અને શાહરુખ સાથે કામ કરવાની ઈચ્છા અંગે તે કહે છે, "હાલના તબક્કે તો હું એટલું જ કહી શકું કે અમને ત્રણેયને સાથે કામ કરવાની ઘણી ઈચ્છા છે. અમને યોગ્ય ફિલ્મ, યોગ્ય સ્ક્રિપ્ટ મળવી જોઈએ. જો અને જ્યારે એ મળશે, અમે ચોક્કસ સાથે એક ફિલ્મ કરીશું. આશા રાખીએ કે આવું શક્ય બને.''આ સાથે આમિરને એવું પણ પૂછવામાં આવ્યું કે તે સલમાન અને શાહરુખ સાથે કયા પ્રકારની ફિલ્મમાં કામ કરવા ઈચ્છે છે, ત્યારે આમિરે જાહેર કર્યું હતું કે "જો અમે કોમેડી જોનરની કોઈ ફિલ્મ કરીએ તો, લોકોને અમારી પાસે એવી અપેક્ષા હશે.'' આ સિવાય આમિરે તેની ફિલ્મી સફર અને અંગત જીવન વિશે પણ વાત કરી હતી. થોડાં વખતથી આમિર ખાન અને રાજકુમાર હિરાની દાદા સાહેબ ફાળકેની બાયોગ્રાફી પર કામ કરી રહ્યા હોવાની ચર્ચા છે. આ પહેલાં હિરાની અને આમિર '૩ ઈડિયટ્સ' અને 'પીકે' જેવી સફળ ફિલ્મ આપી ચૂક્યા છે. તેમણે થોડા વખત પહેલાં જાહેર કર્યું હતું કે તેઓ આ બાયોપિક પર કામ કરી રહ્યા છે અને આ ફિલ્મ ૨૦૨૬ના ક્રિસમસ પર રિલીઝ કરવાની પણ વાત કરી હતી. ત્યારથી તેઓ આ ફિલ્મ કેવી કરશે, તેમાં ક્યા કલાકારો હશે આ અંગે તેમના ફૅન્સમાં ઘણી ઉત્સુકતા છે. ત્યારે તાજેતરના ઈન્ટરવ્યુમાં આમિરે રાજકુમાર હિરાની સાથે ફરી કામ કરવા અંગે વાત કરી હતી. આમિરે કહ્યું હતું કે ફિલ્મ લગભગ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ફ્લોર પર જશે અને હાલ તેની તૈયારીઓ ચાલી રહી છે. આમિરે કહ્યું,"મને લાગે છે, ફાળકે એક બહુ જ મોટો પડકાર છે. આ કોઈ સામાન્ય મસાલા એક્શન ફિલ્મ નથી. જેમાં સેટના ભુક્કા થઈને ઉડતાં હોય. આ એક એવા માણસની વાત છે, જેણે એવું કામ કર્યું જે, એ સમયે કોઈ વિચારી પણ શકતું નહોતું. તેઓ સમયથી ઘણા આગળ હતા.

# પલક તિવારીના અફેયર્સ પિતાને બિલકુલ પસંદ નથી

**રાજા-શ્વેતાએ ૧૯૯૮ માં લગ્ન કર્યા અને ૨૦૦૭ માં અલગ થયા, તેમના છૂટાછેડાને ૨૦૧૨માં સત્તાવાર રીતે મંજૂરી અપાઈ હતી**

બોલીવુડના ઉભરતા સ્ટાર્સમાંની એક, પલક તિવારી ઘણીવાર સમાચારમાં રહે છે, ક્યારેક તેના કામ માટે તો ક્યારેક સૈફ અલી ખાન અને અમૃતા સિંહના પુત્ર ઈબ્રાહિમ અલી ખાન સાથે ડેટિંગના સમાચાર માટે. જોકે બંનેએ ક્યારેય ડેટિંગની અટકળોને પુષ્ટિ કે ખંડન કર્યું નથી, પલકના પિતા રાજા ચૌધરીએ હવે આ ચર્ચા પર પોતાનો અભિપ્રાય આપ્યો છે અને તેઓ તેનાથી ખુશ નથી.તાજેતરના ઈન્ટરવ્યુમાં, રાજા ચૌધરીએ તેમના અંગત જીવન, શ્વેતા તિવારી સાથેના તેમના લાંબા સમયથી છૂટાછેડા લીધેલા સંબંધો અને તેમની પુત્રી પલક સાથેના તેમના બંધન વિશે ખુલ્લેઆમ વાત કરી. જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેઓ તેમના સંપર્કમાં છે, ત્યારે રાજાએ જવાબ આપ્યો, 'હા, અમે સોશિયલ મીડિયા દ્વારા વાત કરીએ છીએ. તેમણે એમ પણ કહ્યું કે ભલે તે પલક તિવારીને પત્રો લખે છે, તે તેના કામમાં વ્યસ્ત છે અને તે તેની માતાને વારંવાર મળતી નથી. પલકના રોમેન્ટિક જીવન વિશેની અફવાઓ પર, રાજાએ કહ્યું કે તે નથી ઈચ્છતો કે તેણી તેની કારકિર્દીના આ તબક્કે કોઈ સંબંધમાં રહે. રાજાએ



આના પર કહ્યું, 'જો મને સમજાવવાની તક મળે, તો હું કહીશ કે ભાઈ આ બાબતોથી દૂર રહે અને તમારા કારકિર્દી પર ધ્યાન કેન્દ્રિત કરે, આ એકમાત્ર વસ્તુ છે, આખરે તે તમારા માટે ઉપયોગી થશે. રાજા ચૌધરીએ પણ લગ્ન વિશે વાત કરતા કહ્યું, '૩૦-૩૫ વર્ષ પહેલાં કોઈ સંબંધ ન રાખવો જોઈએ, મને લાગે છે કે દરેક વ્યક્તિ અપરિપક્વ હોય છે. લોકોમાં પરિપક્વતા હોતી નથી. લોકો બાળપણમાં જ લગ્ન કરે છે અને તે એક મોટી ભૂલ સાબિત થાય છે. પછી રડતા રહો, એકબીજા સાથે પ્રયાસ કરો.પલક તેની માતા શ્વેતા તિવારી સાથે રહે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેનો તેના પિતા સાથે ખૂબ જ ઓછો સંપર્ક થયો છે. રાજા અને શ્વેતાએ ૧૯૯૮ માં લગ્ન કર્યા અને ૨૦૦૭ માં અલગ થયા. તેમના છૂટાછેડાને ૨૦૧૨ માં સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવી. શ્વેતા તિવારીને તેના બીજા પતિ અભિનવ કોહલીથી એક પુત્ર પણ છે.

# નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદની સાયબર ક્લબ દ્વારા પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ ખાતે આજ રોજ સાયબર ક્લબ દ્વારા "સાયબર સલામતી અને સુખાકારી" વિષય પર 'પોસ્ટર મેકિંગ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. બી. આર. બોદરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વાઈસ પ્રિન્સિપાલ ડૉ. હરેશ કે. પંચાલે વિધાર્થીઓને સાયબર ક્રાઈમ અને તેનાથી બચવા માટેના ઉપાયો વિશે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ત્યારબાદ સિનિયર અધ્યાપક પ્રો. જી. જી. સંગાડાએ વિધાર્થીઓને સાયબર સુરક્ષા વિશે પોતાના વિચારો જણાવ્યા હતા. આ સ્પર્ધામાં ઘણા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે ડાભી અમી, દ્વિતીય ક્રમે શર્મા ખુશી અને તૃતીય ક્રમે બારીયા ચિરાગ વિજેતા થયા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. ડી. બી. મુનિયા અને ડૉ. નમ્રતા કે. મકવાણાએ સેવા બજાવી હતી. આ કાર્યક્રમમાં સેલ્ફ ફાઈનાન્સ વિભાગના કો ઓર્ડિનેટર ડૉ. ધવલ. જોશી અને અન્ય સ્ટાફગણ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સાયબર ક્લબના કોઓર્ડિનેટર ડૉ. મુકેશપુરી એચ. સ્વામીએ અને આભારવિધિ ડૉ. કમલેશ આર. ગાયકવાડે કરી હતી. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વિધાર્થીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સાણંદ તાલુકાના રેથલ અને માણકોલ ગામમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ



।(માહિતી) અમદાવાદ, તા.૩૦।

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના રેથલ અને માણકોલ ગામમાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ હતી.

આ તાલીમમાં ખેડૂતોને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અમદાવાદ જિલ્લાના પ્રોજેકટ મેનેજર સુશ્રી નિશાબહેને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની કામગીરી અંગે માહિતી આપી હતી. એગ્રી આસિસ્ટન્ટ સુશ્રી અલ્પાબાએ પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો પર અને પ્રાકૃતિક ખેતીમાં ગાયના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ ઉપરાંત, આ તાલીમમાં ખેડૂતોએ કિચન ગાર્ડન વિશે વિશેષ માહિતી મેળવી હતી. દરેક ખેડૂત પોતાના ખેતરમાં, વાડીમાં કે ઘરઆંગણે પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડે અને બીજા ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી કરતા થાય તે હેતુથી ચોમાસામાં થતાં વિવિધ ૧૬ પ્રકારના શાકભાજીના બિયારણની કિટનું ખેડૂતોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તાલીમમાં ખેડુતોના પ્રશ્નોના સંતોષપૂર્ણ જવાબો આપવામાં આવ્યા હતા. આ તાલીમમાં તાલુકા મેનેજર શ્રી રાજભાઈ, માર્કેટિંગ પ્લાનિંગ એન્ડ પ્રમોશન કન્સલટન્ટ સુશ્રી રીતિકાબહેન, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજય સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નવી વસાહત નાનસલાઈ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

નવી વસાહત નાનસલાઈ પ્રાથમિક શાળા ખાતે તા.૨૮ જુન ૨૦૨૫ના રોજ મામલતદાર ઝાલોદના વરદહસ્તે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો . જેમાં સરપંચ રાધાબેન વસૈયા, કારોબારી સભ્ય નગીનભાઈ વસૈયા, પગાર કેન્દ્ર આચાર્ય હેમાભાઈ રાઠોડ, સી.આર.સી કો-ઓર્ડીનેટર ઈશ્વરભાઈ ડીંડોર, મુખ્ય સેવિકા, એસએમસી અધ્યક્ષ દિનેશભાઈ, ગામના અગ્રણી વિષ્ણુભાઈ પટેલ અને ગામના વડીલોની ઉપસ્થિતિમાં આંગણવાડી અને બાલવાટિકાઓના ૨૫ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર નાના ભૂલકાઓએ બાલગીત રજૂ કરી સૌને મંત્રમુક્ત કર્યા. મામલતદાર પરમાર દ્વારા સુંદર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં તેઓ જણાવેલ હતું કે બાળકોને શાળામાં નિયમિત રીતે ભણવા મોકલવામાં આવે, બહારગામ ભણાવવાની ઘેલછામાંથી બહાર આવીએ અને ગામની જ શાળામાં બાળકોને ભણાવી અને ઘરે આવે ત્યારે પૂરતું ધ્યાન આપે એવી વાલીઓને અપીલ કરવામાં આવી હતી. સમગ્ર બાળકોનું તિથિ ભોજન નગીનભાઈ વસૈયા અને રાધાબેન દ્વારા આપવામાં આવ્યું હતુ તેમજ શાળાની બાલિકાઓને સ્વાગત ગીત અને પ્રાર્થના રજુ કરવા બદલ ઈનામ આપવામાં આવેલ હતું, ઉપરાંત શાળામાં અભ્યાસમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ધોરણ-૩ થી ૮ ના બાળકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક રાજેશભાઈ પરમાર દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

# તાપી કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ



। (માહિતી) તાપી, તા.૩૦ ।

તાપી જિલ્લા કલેક્ટર કચેરી, વ્યારા ખાતે કલેક્ટર ડો. વિપિન ગર્ગની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં પડતર અરજીઓ, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસો,એજી ઓડિટ પારા, સરકારી નાણાંની વસુલાત, તકેદારી આયોગની અરજીઓ, ઈ-સરકાર પોર્ટલની અમલવારી અંગે તેમજ સાંસદ-ધારાસભ્યોની રજૂઆત જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે વિસ્તૃત સમીક્ષા કરાઈ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ સરકારી નાણાંની સમયસર વસુલાત સુનિશ્ચિત કરવા, સાંસદ-ધારાસભ્ય અને પદાધિકારીઓના પ્રશ્નોનો યોગ્ય અને સમયસર ઉકેલ કરવા, તેમજ નકારાત્મક અખબારી અહેવાલો અંગે તાત્કાલિક તપાસ કરીને અહેવાલ રજૂ કરવા સૂચનો આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ, નાયબ વન સંરક્ષક શ્રી સચિન ગુપ્તા, પ્રાયોજના વહીવટદાર શ્રી જયંતસિંહ રાઠોડ, નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડ સહિત જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બોટાદ જિલ્લા માહિતી કચેરી ખાતે જિલ્લાનાં પરંપરાગત માધ્યમોના કલાકારશ્રીઓ સાથે વર્કશોપ યોજાયો

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

જિલ્લા માહિતી કચેરી, બોટાદ ખાતે સહાયક માહિતી નિયામકશ્રી સપનાબેન આર. ભટ્ટીનાં અધ્યક્ષ-સ્થાને પરંપરાગત માધ્યમો જિલ્લાનાં કલાકારો સાથે વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપ માં વિવિધ વિભાગનાં અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને વિવિધ વિષયો યોજનાઓ વિશે કલાકારશ્રીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ વર્કશોપ માં જિલ્લામાંથી ઉપસ્થિત રહેલા કલાકારો સાથે પરંપરાગત માધ્યમો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને કલાકારશ્રીઓને કાર્યક્રમ કઈ રીતનો કરવો, કાર્યક્રમમાં કઈ બાબતનું ધ્યાન રાખવું, કાર્યક્રમનો મુખ્ય હેતુ શું છે? તે અંગેની જાણકારી સહાયક માહિતી નિયામકશ્રી સપનાબેન આર. ભટ્ટી દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓ જેમ કિસાન સન્માનનિધિ યોજના, આયુષ્યમાન કાર્ડ, શિક્ષણને લગતી શિષ્યવૃત્તિ લગતી યોજના, આરોગ્યલક્ષી યોજનાઓ, સમાજ કલ્યાણ વિભાગને લગતી પ્રધાનમંત્રી, ઈન્દિરા આવાસ યોજના, ખેડૂત લક્ષી યોજનાઓ, રોજગાર ઉદ્યોગને લગતી યોજનાઓ વિશે માહિતગાર કરી અધિકારીશ્રીએ કલાકારશ્રીઓને માર્ગદર્શન અને સૂચનો પણ કરવામાં આવ્યાં હતાં.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૭ મહીનામાં ૫૦૦ દર્દીઓની લિથોટ્રીપ્સીથી પથરીની પેઇનલેસ સારવાર કરાઇ

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

તમને પથરી ની તકલીફ હોય તો એક વાર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવીને યુરોલોજી વિભાગમાં ડૉક્ટરને જરૂરથી બતાવજો. સિવિલ હોસ્પિટલ ના યુરોલોજી વિભાગ ના વડા ડો. શ્રેણિક શાહે વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે, સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ દ્વારા છેલ્લા ૭ મહીના માં લિથોટ્રિપ્સીથી ઓપરેશન વગર ૫૦૦ દર્દીઓની કિડની તેમજ પેશાબની નળીમાં રહેલી પથરી દૂર કરવામાં આવી. તમામ દર્દીઓ પીડારહિત સામાન્ય જીવનશૈલીમાં પાછા ફર્યા છે. જેમાં ૮૪% દર્દીઓમાં પ્રથમ પ્રયાસે જ સંપૂર્ણપણે પથરી દૂર થઈ. ૧૬% કિસ્સામાં બે વાર લીથોટ્રીપ્સી કરી પથરી દૂર કરવામાં આવી.

જેમાં ૩ વર્ષથી લઈ ૮૦ વર્ષ સુધીના દર્દીઓની પથરીની તકલીફ દૂર કરાઇ. આ ૫૦૦ દર્દીઓમાં ૩૪૦ પુરુષ દર્દી તેમજ ૧૬૦ સ્ત્રી દર્દીનો સમાવેશ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૪૫ દર્દીઓમાં 10mm (મિલીમીટર) સાઇઝની, ૨૦૦ દર્દીઓમાં પથરીની સાઇઝ ૧૦થી 15 mm તેમજ ૧૫૫ દર્દીઓ એવા હતા જેમની પથરીની સાઇઝ 15 mm કરતાં પણ વધારે હતી.

કુલ ૫૦૦ દર્દીઓમાંથી ૨૪૦ દર્દીઓમાં પથરી કીડનીમાં હતી, જ્યારે ૧૩૫ દર્દીમાં મૂત્રવાહિનીના શરૂઆતના ઉપરના પેલ્વીસના ભાગમાં તથા ૧૨૫ દર્દીઓમાં પથરી મૂત્રવાહિનીના ઉપરના ભાગમાં હતી.

આ તમામ ૫૦૦ દર્દીઓની સંપૂર્ણપણે પથરી દૂર થઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું.



ડો. શ્રેણીક શાહે આ પદ્ધતિથી સારવારના દર્દીઓ માટે ફાયદા વર્ણવતા જણાવ્યુ હતુ કે આ સારવાર માં *શરીર ઉપર કોઈ કાપો મુકવામાં આવતો નથી.* દર્દીની તકલીફમાં ઝડપી સુધારો થાય છે અને દર્દીઓ ૧થી ૨ કલાકમાં પોતાની રોજિંદા સામાન્ય ક્રિયાઓ પર પાછા ફરી શકે છે.* ઓછો દુખાવો, ચેપનું ઓછું જોખમ અને કોઈ મોટી તકલીફ હોતી નથી. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, પ્રાઈવેટ હોસ્પિટલ માંલિથોટ્રીપ્સીની સારવારનો અંદાજિત ખર્ચ જે. ૧૦થી ૧૫ હજાર થાય છે તે સિવિલ હોસ્પિટલમાં ખુબ જ નજીવા દરે અને આયુષ્માન કાર્ડ હેઠળ સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવે છે. વધુમાં વધુ પથરી ના દર્દીઓ ને સિવિલ હોસ્પિટલ માં ઉપલબ્ધ્ધ આ સેવા નો લાભ લેવા ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ.

કિડ્ની તેમજ મૂત્રમાર્ગમાં રહેલી પથરીની ઓપરેશન વગર સારવાર માટે અમદાવાદ સિવિલ મેડિસિટીની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આવેલા યુરોલોજી વિભાગમા સંપર્ક કરવાનો રહેશે.

# ઝાલોદ ગોયલ પેલેશ ખાતે પી. આઈ રાઠવાનો વય નિવૃતિ સમારંભ યોજાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગર પોલીસ સ્ટેશનના પી.આઈ હસમુખ રાઠવાની સરકારી નિયમ મુજબ વય પુરી થતાં આજે વય નિવૃત્તિ સમારંભ ગોયલ પેલેશ ખાતે યોજાયો હતો. આજના વય નિવૃત્ત સમારંભમાં ઝાલોદ તાલુકા પ્રાંત અધિકારી અરવિંદ ભાટીયા, ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ તેમજ અલગ અલગ પોલીસ સ્ટેશનના પી.આઈ, પી.એસ. આઈ તેમજ આમંત્રિત મહેમાનો અને પરિવારજનોની વચ્ચે યોજાયો હતો. ઉપસ્થિત સહુ અધિકારી, સ્ટાફ અને મહેમાનોએ અલગ અલગ મોમેન્ટો આપી તેઓનું સન્માન કરેલ હતું. પીચ.આઈ હસમુખ રાઠવા ગામઃ ખાંડીયા અમાદર, તા. પાવી જેતપુર, જીઃ છોટા ઉદેપુરના રહેવાસી છે. તેઓનો જન્મ ૦૧-૦૬-૧૯૬૭ ના રોજ થયો હતો. ધોરણ ૧ થી ૫ માં ગામમાં અભ્યાસ પછી ૬ થી ૧૨ પાવી જેતપુર અભ્યાસ કરવા દરરોજ ૫ કિમી ચાલતા જતા હતા. તેઓએ તેઓએ છોટા ઉદેપુર ખાતે બી.એ સુધીનો અભ્યાસ કરેલ હતો.

૨૯-૧૧૧૯૮૯ મા પો.કો તરીકે પ્રથમ નોકરી વડોદરા ખાતે લાગી હતી. તેઓને ૨૦૦૬ માં પી.એસ.આઈ તરીકે પ્રમોશન મળેલ હતું ત્યાર બાદ વિવિધ ડિપાર્ટમેન્ટમા બદલીના ક્રમ મુજબ બદલી થયેલ હતી તેઓને ૨૪-૦૯-૨૦૧૪ મા પો.ઈ તરીકે પ્રમોશન મળેલ હતું. તેઓએ ૨૦૨૨ મા સી.પી. આઈ ઝાલોદ તરીકે ચાર્જ લીધેલ હતો. તેઓ ૦૫-૦૯-૨૦૨૪ના રોજ ઝાલોદ પોલીસ સ્ટેશનમા પો.ઈ તરીકે ૩૦-૦૬-૨૦૨૫ સુધી ફરજ નિભાવી આજરોજ તેઓ ૩૫ વર્ષ ૭ મહિનાની પોલિસ તરીકેની ફરજ નિભાવી વય નિવૃત્ત થયેલ છે.

તેઓના કાર્ય કાળમાં તેઓએ ખૂબ સુંદર અને સરાહનીય કામગીરી કરેલ હતી. તેઓની ઝાલોદ નગરમાં ફરજ દરમ્યાન મુખ્યત્વે હેતા ટ્યુશન ક્લાસિસના સંચાલકને આજીવન સજા તેમજ સોમનાથ મંદિરમાં ચોર આવેલ હતા તેઓને ડ્રોનની મદદ થી પકડી પાડવા જેવી સુંદર કામગીરી કરેલ હતી. પી.આઈ હસમુખ રાઠવા સ્વભાવે હસમુખ અને મિલનસાર, તેઓની કામગીરીમાં કોઈ પણ સમસ્યા તેઓએ ખૂબ સુંદર અને સરાહનીય તરીકે નિભાવેલ હતી. સ્વભાવમાં હસમુખા હોવાથી ગમે તેના સાથે ભળી જતાં અને તેઓનો મળતાવડો સ્વભાવ અને કામગીરી ઉપસ્થિત સહુ પોલિસ અધિકારીઓએ સરાહી હતી. વિશેષમાં ડી.વાય.એસ.પી ડી.આર.પટેલે કહ્યું હતું કે તેઓ ઉમરમા મોટા હોવાથી તેઓ સાથે બેસી ઘણી સમસ્યાઓનું સમાધાન તેઓના અનુભવથી કરેલ છે તેમજ નોકરી પ્રત્યે ફરજ દરમ્યાન તેઓ કડક અને નરમ બંને સ્વભાવ રાખી તાલમેલ રાખતા હતા. વય નિવૃત્ત એ નોકરી દરમિયાન થતી ક્રિયા છે તેને સ્વીકારવી પડે છે. પણ તેઓ સાથેના અનુભવ ખૂબ સરસ છે જેથી તે ભૂલી શકાય તેમ નથી અને ભલે તેઓ વય નિવૃત્ત થયા છે પણ તેઓની યાદ અને કામગીરી સદાય યાદ રહેશે.

# તારાપુર તાલુકાની ખાખસર પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

। (માહિતી) આણંદ, તા.૩૦ ।

આણંદ જિલ્લામાં યોજાઈ રહેલ ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત તારાપુર તાલુકા ની પે સેન્ટર શાળા, ખાખસર ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાયબ નિયામક શ્રી,"ઈઢજીજી ઈસ્જીછ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગર શ્રી અર્ચનાબેન એમ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા, તેમણે શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા અને બાળકોને, ખાસ કરીને કન્યાઓને, શાળામાં પ્રવેશ અપાવવા પર ભાર મૂકયો હતો. પેટલાદના ડૉ. રીતેશભાઈ ચૌહાણએ શાળાની ભૌતિક સુવિધામાં મદદરૂપ થવા માટે ૨૫૦૦૦ /- નું માતબર દાન તથા ગૌરાંગભાઈ કંસારાએ ૮૭૫૦/- ની કિંમતના ૫૦ દફતરની કીટ તેમજ ખાખસરના રાજેશભાઈ પંચાલે ૧૨૫૦૦/- કિંમતનું સ્માર્ટ ટીવી, સ્ઢઽ સંચાલક કોકીલાબેન અંજારા એ ૩૦૦૦/- કિંમતના ઝઝ્રફ કેમેરા નંગ-૦૧, શાળાના શિક્ષક સોનલબેન ચૌહાણ દ્વારા પાણીનો બોર બનાવવા ૩૦૦૦૦/- જેટલી માતબર રકમ દાનમાં આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. વરિષ્ઠપદે કામ કરતા લોકો તરફથી કેટલાક વિરોધ ઊભા થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો. આજે તમને તમારા પ્રિયપ ાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમે જેમની સાથે પ્રેમ કરો છો એવા લાકા સાથેની ગેરસમજ દૂર થશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમે જો વિદેશમાં નોકરી માટે અરજી કરવાનુ વિચારતા હો તો - આજનો દિવસ શુકનવંતો જણાય છે.






રાજસ્થાનના જયપુરમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર દ્વારા રાજસ્થાન કોન્સ્ટિટ્યુશન ક્લબના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાની એરસ્ટ્રાઈક બાદ IAEAની ચેતવણી

। (એજન્સી) તહેરાન, તા.૩૦ ।

ઈરાને હજુ પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણ ખતમ ન કર્યો હોવાનો આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સીએ (IAEA) દાવો કર્યો છે. ઈઝરાયલ-ઈરાન વચ્ચે ૧૨ દિવસ ચાલેલા યુદ્ધમાં અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યા બાદ આઈએઈએએ આ ચેતવણી આપી છે. એજન્સીએ કહ્યું કે, 'ઈરાન ટૂંક સમયમાં યુરેનિયમ સંવર્ધન ફરી શરૂ કરી શકે છે, એટલે કે ઈરાન પરમાણુ બૉંબ બનાવવા નજીક પહોંચી ગયું છે. ઈરાનની ટેકનિકલ અને ઔદ્યોગિક ક્ષમતાઓ હજુ પણ સલામત છે.' આ પહેલા ઈરાને સંસદમાં પ્રસ્તાવ પાસ કરીને IAEA સાથે સંબંધો તોડી નાખ્યા હતા. ત્યારબાદ IAEA આ ચોંકાવનારો દાવો કર્યો છે. અમેરિકાએ તાજેતરમાં જ ઈરાન પર હુમલા કર્યા બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, 'અમેરિકાએ ઈરાનના ત્રણ પરમાણુ કેન્દ્રને સંપૂર્ણ નષ્ટ કરી દીધા છે અને તેને દાયકાઓ પાછળ ધકેલી દીધું છે.' ટ્રમ્પના આ દાવા બાદ IAEAએ ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે ચેતવણી આપતા ફરી કંઈ નવાજુની થવાના એંધાણ ઉભા થયા છે. IAEAના પ્રમુખ ગ્રોસીએ કહ્યું કે, 'અમેરિકાના હુમલામાં ઈરાનમાં કેટલાક સ્થળે નુકસાન થયું છે, જોકે ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ પણ યથાવત્ છે. જો ઈરાન ઈચ્છે તો કેટલાક મહિનાઓમાં જ સેન્ટ્રીફ્યૂજ ફરી શરુ કરી શકે છે અને સંવર્ધિત યુરેનિયમનું ઉત્પાદન કરી શકે છે.

### ૭ ઓક્ટોબરના હુમલાના માસ્ટર માઈન્ડ સહિત ૮૧ લોકોનાં મોત

। (એજન્સી) ગાઝા, તા.૩૦ ।

યુદ્ધવિરામની વાતો વચ્ચે પણ ઈઝરાયલે ગાઝાવાસીઓ પર અવિરત હુમલા ચાલુ રાખ્યા છે. ઈઝરાયલી સેનાએ ગાઝા પટ્ટી પર ફરી એકવાર ભયંકર હવાઈ હુમલો કર્યો છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૮૧ પેલેસ્ટાઈનના લોકોના મોત થઈ ગયા છે, જ્યારે ૪૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો સામેલ છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે આ તમામ મોતોની પુષ્ટિ કરી છે. મળતી માહિતી અનુસાર, ઈઝરાયલી ડિફેન્સ ફોર્સે ગાઝાના ભીડભાડવાળા રહેણાંક વિસ્તારો, એક એપાર્ટમેન્ટ, સ્કૂલ, સ્ટેડિયમ અને શરણાર્થી ટેન્ટોને નિશાન બનાવ્યા. બોમ્બમારા બાદ વિસ્તારમાં ચોતરફ ધૂળ, આગ અને મૃતદેહ નજરે આવ્યો. વિસ્થાપિત પેલેસ્ટાઈનના યૂસુફ અબૂ નાસેરે આ દુર્ઘટનાની ભયાનકતાને લઈને નિવેદન કર્યું છે. આ સાથે ઈઝરાયલી સુરક્ષા દળ (IDF) એ દાવો કર્યો છે કે તેણે ગાઝા સિટીના સબરા વિસ્તારમાં એક ટારગેટેડ એરસ્ટ્રાઈકની મદદથી હમાસના ટોચના લીડર હાકમ મોહમ્મદ ઈસ્સા અલ ઈસ્સાને ઠાર માર્યો છે. અલ ઈસ્સાને ૭ ઓક્ટોબર ૨૦૨૩ના નરસંહારનો માસ્ટરમાઈન્ડ અને હમાસના સૈન્ય વિંગના સંસ્થાપક સભ્યોમાંથી એક મનાય છે. શિફા હોસ્પિટલના સ્ટાફના જણાવ્યા મુજબ શુક્રવારે રાતે શરુ થયેલા હુમલા શનિવારે પણ ચાલુ રહ્યા હતા.

#### વાઈસ પ્રેસિડેન્ટ વેન્સની વાટાઘાટો સફળ રહી

# યુએસ સેનેટમાં વિપક્ષોના વિરોધ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પનું બિલ મંજૂર

### ડોનાલ્ડ ટ્રમ્પના આ પગલાથી વર્ષ ૨૦૩૪ સુધી અમેરિકામાં ૧૧.૮ મિલિયન લોકો હેલ્થ ઈન્સ્યોરન્સથી વંચિત રહેવાની ભીતિ છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઘર આંગણે મોટી સફળતા મળી છે. રિપબ્લિકનની બહુમતી ધરાવતી સેનેટમાં ભારે હોબાળા બાદ આખરે ટ્રમ્પે રજૂ કરેલું કર રાહત અને ખર્ચ કપાતનું બિલ મંજૂર થયું છે. મંજૂર થયેલા બિલમાં ડીપોર્ટેશન માટેના નાણામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સેનેટમાં વિપક્ષ ડેમોક્રેટ્સના ૪૭ સેનેટર્સે બિલના વિરોધમાં મત આપ્યો હતો. ડેમોક્રેટ સાંસદો શરૂઆતથી આ બિલનો ઉગ્ર વિરોધ કરી રહ્યા હતા. સેનેટમાં ચર્ચા દરમિયાન તોફાની માહોલ સર્જાતા વાઈસ પ્રેસિડેન્ટ જે ડી વેન્સે સુકાન સંભાળ્યું હતું અને સેનેટર્સ સાથે સફળ વાટાઘાટો બાદ આ બિલને ૫૧ વિરુદ્ધ ૪૯ મતે મંજૂરી મળી હતી. ટ્રમ્પની પાર્ટીના જ બે સાંસદોએ વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. યુએસ સેનેટમાં શનિવારે મોડી રાત સુધી પ્રસ્તાવિત બિલ અંગે



ચર્ચા ચાલી હતી. ત્રણ કલાક સુધી મતદાન અટવાઈ ગયું હતું અને વિરોધ કરનારા સેનેટર્સ પ્રસ્તાવિત બિલમાં સુધારા કરાવવા માગતા હતા. આખરે કેટલાક સેનેટર્સ સાથે વ્યક્તિગત ચર્ચાઓ બાદ મડાગાંઠ ઉકેલાઈ હતી. જે ડી વેન્સના પ્રયાસોના પગલે ટ્રમ્પને સેનેટમાં મહત્ત્વનો વિજય મળ્યો હતો. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમે સેનેટમાં બહુ મોટો વિજય મેળવ્યો છે. યુએસ સેનેટમાં રિપબ્લિકન્સની બહુમતિ હોવા છતાં ઈચ્છા મુજબ બિલ પસાર કરવામાં અડચણ આવી રહી છે. સેનેટર્સની મંજૂરી મળ્યા પછી રાતભર સેનેટમાં તેના પર ચર્ચા થશે અને સુધારાની દરખાસ્તો રજૂ થશે. ટ્રમ્પનો પક્ષ આ બિલને મંજૂર કરાવવામાં સફળ રહ્યો તો તેને ફરી હાઉસમાં મૂકવામાં આવશે. ફાઈનલ રાઉન્ડના મતદાનમાં આ બિલને બહુમતિ સાથે સમર્થન મળે તો વ્હાઈટ હાઉસમાં મોકલવામાં આવશે. સેનેટમાં રિપબ્લિકન સેનેટર્સની પાતળી બહુમતિ છે.યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મેડિકલ એઈડ, ફૂડ સ્ટેમ્પ્સ તથા અન્ય યોજનાઓના ખર્ચમાં કપાતની દરખાસ્ત રજૂ કરી હતી. આ સાથે તેઓ ૩.૮ ટ્રિલિયન ડોલરની કર રાહતો જાહેર કરવા માગતા હતા. ટ્રમ્પના આ પગલાથી વર્ષ ૨૦૩૪ સુધી અમેરિકામાં ૧૧.૮ મિલિયન લોકો હેલ્થ ઈન્સ્યોરન્સથી વંચિત રહેવાની ભીતિ છે. ડેમોક્રેટ સાંસદોના વિરોધ ઉપરાંત ટ્રમ્પના એક સમયના વિશ્વાસુ સાથીદાર અને હવે વિરોધી બનેલા મસ્કે પણ નવા બિલને વિનાશકારી તથા બુદ્ધિ વગરનું ગણાવ્યું હતું.

#### અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જાહેર

# દેશમાં ચોમાસાની દસ્તક, દિલ્હીથી લઈ રાજસ્થાન સુધી ભારે વરસાદ

### ૨-૫ જુલાઈ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા પર ખૂબ ભારે વરસાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હી એનસીઆરના લોકો છેલ્લા ઘણા દિવસોથી ચોમાસાની રાહ જોઈ રહ્યા હતા. હવે તે રાહનો અંત આવ્યો છે, કારણ કે ચોમાસાના આગમનની માહિતી હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે ૨૯ જૂને દિલ્હી એનસીઆર સહિત દેશભરમાં ચોમાસાએ દસ્તક આપી દીધી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, દક્ષિણ પશ્ચિમ ચોમાસું રવિવાર (૨૯ જૂન, ૨૦૨૫) સુધીમાં સમગ્ર દેશને આવરી લેશે. જ્યારે સામાન્ય તારીખ ૮ જુલાઈ છે. આ સામાન્ય કરતાં ૯ દિવસ વહેલું થયું છે. આ સાથે, આગામી ૭ દિવસ સુધી ઉત્તરપશ્ચિમ, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતના ઘણા ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ અપેક્ષા છે અને હવામાન વિભાગે ઝારખંડ (૨૯ અને ૩૦ જૂન) અને ઓડિશા (૨૯ જૂન) માં કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની ચેતવણી પણ જારી કરી છે. હવામાન વિભાગે માહિતી આપી છે કે ચોમાસાએ સમગ્ર ભારતમાં દસ્તક આપી દીધી છે. આ અંગે ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે આ સમયે આખું ભારત વાદળોથી ભરેલું છે. ખાસ કરીને ઉત્તરપશ્ચિમ ક્ષેત્ર. તેનું કારણ એ છે કે એક નીચા દબાણવાળા ક્ષેત્રનું નિર્માણ થયું છે, ત્યાં ગાઢ વાદળો છે. નીચા દબાણવાળા ક્ષેત્રને કારણે ચોમાસાની સ્થિતિ અનુકૂળ છે અને હવે આખું ભારત છવાઈ ગયું છે. ચોમાસું ૨૯ જૂને રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા અને સમગ્ર દિલ્હીમાં પહોંચી ગયું છે, જેના કારણે તે સમગ્ર ભારતમાં ફેલાઈ ગયું છે. ડૉ. નરેશ કુમારે જણાવ્યું હતું કે હિમાચલ અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે ત્યાં વરસાદની પ્રવૃત્તિ ખૂબ વધારે છે, હાલમાં ઝારખંડમાં પણ રેડ એલર્ટ જાહેર કરાયું હતું. હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, દિલ્હી-એનસીઆર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. અહીં પણ ખૂબ ભારે વરસાદની અપેક્ષા છે. આ ચેતવણી ૨ થી ૩ દિવસ સુધી રહેશે. હવામાન વિભાગે ૩૦ જૂનથી ૨ જુલાઈ સુધી દિલ્હી/NCRમાં મહત્તમ તાપમાન 31-34°C રહેવાની આગાહી કરી છે, જે સામાન્ય કરતાં 4-6°C ઓછું છે. આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહી શકે છે અને વાવાઝોડા, વીજળી અને જોરદાર પવન (૩૦-૪૦ કિમી/કલાક) સાથે હળવો થી મધ્યમ વરસાદ થવાની પણ અપેક્ષા છે. પૂર્વ અને મધ્ય ભારતઃ અતિ ભારે વરસાદઃ ઝારખંડ (૩૦ જૂન), ઓડિશા (૩૦ જૂન).

#### ઈરાનના ગ્રાન્ડ નેતા આયતુલ્લાહ શિરાજીનો ફતવો

# અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને નેતન્યાહૂને જાનથી મારી નાખો

। (એજન્સી) તહેરાન, તા.૩૦ ।

ઈરાનના શિયા ધાર્મિક નેતા ગ્રાન્ડ આયતુલ્લાહ નાસેર મકારીમ શિરાજીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે ફતવો જાહેર કર્યો છે. જેમાં ટ્રમ્પ અને નેતન્યાહૂને અલ્લાહના દુશ્મન ગણાવ્યા છે અને વિશ્વભરના મુસ્લિમોને બંનેને મારી નાખવાનું કહેવાયું છે. આ ઉપરાંત ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈને ધમકી આપનાર કોઈપણ વ્યક્તિ કે સરકારને અલ્લાહનો દુશ્મન ગણવામાં આવશે. નોંધનીય છે કે, ઈરાનના શિયા નેતાઓ આયતુલ્લા અલી ખામેનેઈને આપવામાં આવેલી ચેતવણીથી ગુસ્સે છે. એટલા માટે આ ફતવો જાહેર કરાયો છે.અહેવાલો અનુસાર, ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈ પરિવાર સાથે બંકરમાં છુપાયેલા છે. તેમણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ને ચેતવણી આપી છે કે જો ઈઝરાયલ અને અમેરિકા હવે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કરશે તો તેના પરિણામો ખરાબ આવશે. ઈરાન તેની સંપૂર્ણ તાકાતથી જવાબ આપશે અને મધ્ય પૂર્વમાં અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરશે. ખામેનીએ દેશવાસીઓને ઈઝરાયલ પર ઈરાનની જીતની જાહેરાત કરીને ઉજવણી કરવા પણ કહ્યું છે. લીડર આયતુલ્લા અલી ખામેનેઈની આ ચેતવણી પછી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને યોગ્ય જવાબ આપ્યો. તેમણે ખામેનેઈને કૃતઘ્ન ગણાવ્યા અને ચેતવણી આપી કે, 'જો ઈરાન ફરીથી પરમાણુ હથિયાર બનાવવાનો પ્રયાસ કરશે અથવા વિચારશે તો અમેરિકા પહેલા કરતા વધુ હુમલો કરશે. ઈઝરાયલ અને અમેરિકા બંને જાણે છે કે ખામેનેઈની ક્યાં છુપાયેલા છે.'ઉલ્લેખનીય છે કે, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ એક સમસ્યા બની રહે છે. ઈઝરાયલ અને અમેરિકા ઈચ્છતા નથી કે ઈરાન પરમાણુ હથિયારો બનાવે, તેથી ઈઝરાયલે ૧૨મી જૂને ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. ત્યારબાદ ઈરાને પણ ઈઝરાયલ પર મિસાઈલ છોડ્યા. મિસાઈલ અને ડ્રોન હુમલાઓ સાથે યુદ્ધ લગભગ ૧૨ દિવસ સુધી ચાલુ રહ્યું હતું.

#### ઈરાને ટ્રમ્પનો બદલો ઈલોનથી લીધો

# સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ આપતી સ્ટારલિંક સામે ઈરાને પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) તહેરાન, તા.૩૦ ।

ઈરાને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો બદલો ઉદ્યોગપતિ ઈલોન મસ્કથી લીધો છે. ઈરાનની સંસદે દેશમાં ઈલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક પર પ્રતિબંધ મૂક્યો છે. ઈરાનની સંસદમાં કહેવામાં આવ્યું છે કે સ્ટારલિંક મંજૂરી વિના દેશમાં કાર્યરત હતી અને દેશની સાર્વભૌમત્વને જોખમમાં મૂકી રહી હતી.અહેવાલો અનુસાર, ઈરાનની સંસદે સ્ટારલિંક જેવી સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ સહિત લાઈસન્સ વિનાના ઈલેક્ટ્રોનિક સંચાર ઉપકરણોના ઉપયોગને ગુનાઈત બનાવતો કાયદો પસાર કર્યો છે. આ હેઠળ, ગુનેગારોને જેલની સજાનો સામનો કરવો પડશે. સ્ટારલિંકનો ઉપયોગ ઈન્ટરનેટ પ્રતિબંધો અને સ્થાનિક કંપનીઓની નબળી સેવાને કારણે કરવામાં આવ્યો હતો. ઈરાની અધિકારીઓને હવે ડર છે કે બિન-નિરીક્ષણ કરાયેલ મોબાઈલ ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કથિત ઈઝરાયલી જાસૂસોને તેલ અવીવનો સંપર્ક કરવામાં સક્ષમ બનાવી શકે છે.ઈઝરાયલ સાથેના ૧૨ દિવસના યુદ્ધ



અને વિદેશી પ્રભાવ અને માહિતી નિયંત્રણ અંગે વધતી ચિંતાઓને ધ્યાનમાં રાખીને ૨૩મી જૂને ઈરાની સંસદમાં આ કાયદો રજૂ કરવામાં આવ્યો છે. એવા અહેવાલો સામે આવ્યા હતા કે, યુદ્ધ દરમિયાન ઈરાનમાં ઈન્ટરનેટ પ્રતિબંધ હોવા છતાં ઘણાં લોકો સ્ટારલિંકનો ઉપયોગ કરી રહ્યા હતા. આનાથી રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો વધે છે.'રાષ્ટ્રીય સુરક્ષા, હિત વિરુદ્ધ ઈઝરાયલ અને દુશ્મન દેશો સાથે જાસૂસી અને સહયોગ માટે દંડમાં વધારો' શીર્ષક ધરાવતા આ કાયદામાં ૯ કલમો છે. તે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ગણાતી વિવિધ પ્રવૃત્તિઓ માટે કડક સજાની જોગવાઈ કરે છે. નવા કાયદા હેઠળ, ઈઝરાયલ અને અન્ય દુશ્મન રાજ્યો સાથે કોઈપણ ગુપ્ત માહિતી શેર કરવા પર મૃત્યુદંડની સજા છે.

#### પાત્રતા ધરાવતો કોઈ મતદાર યાદીમાંથી બાકાત ના રહે તે સુનિશ્ચિત કરાશે

# ચૂંટણી પંચ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી અપલોડ કરશે




### બિહાર વિધાનસભાની ૨૪૩ સીટો પર કુલ ૭.૭૮૯ કરોડ મતદારો છે, રાજ્યમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્રીય ચૂંટણી પંચ જલદી જ ૨૦૦૩ની બિહાર મતદાર યાદી પોતાની વેબસાઈટ પર અપલોડ કરશે, જેથી એમાં સામેલ લગભગ ૪.૯૬ કરોડ મતદારોને મતદાર યાદીના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણ માટે ગણતરી ફોર્મની સાથે સંલગ્ન કરવામાં આવનાર પ્રાસંગિક ભાગને કાઢવામાં સરળતા રહે. ચૂંટણી પંચ દ્વારા બિહાર ચૂંટણી મશીનરીને આપેલી સૂચના અનુસાર, ૨૦૦૩ના વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃ નિરીક્ષણમાં સૂચિબદ્ધ કુલ મતદારોમાંથી ૬૦ ટકા એટલે કે ૪.૯૬ કરોડ મતદારોના સંશોધન પછી સામે આવેલી મતદાર યાદીના પ્રાસંગિક ભાગને છોડીને પોતાની જન્મ તારીખ, સ્થળ કે જન્મને પ્રમાણિકત કરનાર કોઈ સહાયક પ્રમાણપત્ર કે ડોક્યુમેન્ટ રજૂ કરવાની જરુરિયાત નથી. અન્ય ત્રણ કરોડ એટલે કે ૪૦ ટકા મતદારોએ પોતાની જન્મતારીખ કે જન્મસ્થળને પ્રમાણિત કરવા માટે ૧૧ સૂચિબદ્ધ દસ્તાવેજો માંથી એક ડોક્યુમેન્ટ રજૂ કરવાનું રહેશે. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે, મૂળ અભ્યાસ બાકીના ત્રણ કરોડ મતદારોમાંથી પ્રત્યેક વ્યક્તિની ઓળખ કરવાનો છે, ત્યાર પછી જ તેમના નામ મતદાર યાદીમાં સામેલ કરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે રવિવારે જણાવ્યું કે, વિશેષ ઊંડાણપૂર્વકના પુનઃનિરીક્ષણથી એ સુનિશ્ચિત થશે કે કોઈ પણ પાત્રતા ધરાવનાર મતદાર યાદીમાંથી બહાર રહે નહીં અને કોઈ બિનપાત્રતા ધરાવતો મતદાર યાદીમાં સામેલ થઈ જાય નહીં.ઉલ્લેખનીય છે કે બિહાર વિધાનસભાની ૨૪૩ સીટો પર કુલ ૭.૭૮૯ કરોડ મતદારો છે. રાજ્યમાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે.

#### પરાગે પરિવાર સાથે અસ્થિ વિસર્જન કર્યું

# શેફાલીના અસ્થિને પકડીને પરાગ ત્યાગી રડતો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

બોલિવૂડ અભિનેત્રી શેફાલી જરીવાલાના અંતિમ સંસ્કાર ગઈકાલે સાંજે મુંબઈમાં કરવામાં આવ્યા હતા. આજે સવારે અભિનેત્રીના પતિ પરાગે તેના અસ્થિ વિસર્જનની વિધિ કરી હતી. આ દરમિયાન, પરાગ તેની પત્ની શેફાલી જરીવાલના અસ્થિને છાતી પર રાખતો જોવા મળ્યા હતા. તેમનો વીડિયો જોઈને બધા ભાવુક થઈ ગયા હતા. શેફાલી જરીવાલાના અંતિમ સંસ્કાર પછી રવિવારે સવારે અભિનેત્રીના પતિ પરાગ ત્યાગી અને તેમનો પરિવાર સ્મશાનગૃહ



પહોંચ્યા હતા. જ્યાંથી તેઓ શેફાલીના અસ્થિ લઈ ગયા હતા. આનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં પરાગ તેમની પત્નીના અસ્થિને છાતી પર રાખીને ખૂબ રડતો જોવા મળ્યો હતો. વીડિયોમાં પરાગ સાથે શેફાલીના પિતા પણ જોવા મળ્યા હતા. બંનેને આ સ્થિતિમાં જોઈને ચાહકો પણ ભાવુક થઈ ગયા હતા અને કોમેન્ટ સેક્શનમાં હિંમત રાખવા માટે કહી રહ્યા છે. આ ઉપરાંત, બીજો એક વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયોમાં પરાગ પત્ની શેફાલી જરીવાલાના અસ્થિઓનું વિસર્જન કરતો જોવા મળે છે. વીડિયોમાં અભિનેત્રીનો પરિવાર પણ પરાગની સાથે અસ્થિ વિસર્જન કરતો જોવા મળે છે. તમને જણાવી દઈએ કે અભિનેત્રી શેફાલી જરીવાલાની અસ્થિઓનું દરિયામાં વિસર્જન કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે મોડી રાત્રે શેફાલી જરીવાલનું નિધન થયું હતું. અભિનેત્રીને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. ત્યારબાદ પતિ પરાગ તેને હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. અભિનેત્રીના અચાનક મૃત્યુને કારણે અભિનેત્રીના માતા અને પિતાની હાલત પણ ખરાબ છે. આ ઉપરાંત અભિનેત્રીના મિત્રો પણ આઘાતમાં છે. પારસ છાબરા, શહનાઝ ગિલ, માહિરા શર્મા, આરતી સિંહ, રશ્મિ દેસાઈ અને સુનિધિ ચૌહાણ સહિત ઘણા સ્ટાર્સ તેમના અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા.

### ૭ જિલ્લામાં રેડ એલર્ટ

# ગુજરાતમાં આગામી ૬ દિવસ અતિભારે વરસાદની આગાહી

## કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લામા રેડ એલર્ટ જાહેર કર્યુંછે

| (એજન્સી) અમદાવાદ,તા.૩૦ |

ગુજરાતના અનેક જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૬ દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આજે (૩૦ જૂન) ૨૯ તાલુકામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે સાંજે ૭ વાગ્યાથી આગામી ત્રણ કલાક એટલે કે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લામા રેડ એલર્ટ જાહેર કર્યું છે.

૬ દિવસ ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે મંગળવારે (૧ જુલાઈ) ૧૫ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે.

૨ જુલાઈની આગાહી

૨ જુલાઈના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, નવસારી, વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, ભરુચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, અમરેલી, ભાવનગર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે.

૩ જુલાઈની આગાહી

૩ જુલાઈના રોજ ઉત્તર ગુજરાતના જિલ્લામાં સૌથી વધુ વરસાદનું જોર દેખાશે. જેમાં સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યુ છે.૪થી ૬ જુલાઈની આગાહી

રાજ્યમાં આગામી ૪થી ૬ જુલાઈ દરમિયાન કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પાટણ, મહેસાણા, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, સુરત જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

### ગુજરાતમાં ઘર ખરીદદારો માટે મોટી રાહત

# ગુજરાતમાં સરકારે સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કર્યો

## ગુજરાત સરકારે રહેણાંક મકાનોના ટ્રાન્સફર પર ૮૦% સુધી સ્ટેમ્પ ડ્યુટીમાં માફી જાહેર કરી છે

| (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ |



ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાના અને મધ્યમ વર્ગના પરિવારજનોને મોટા ફાયદા માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે રહેણાંક મકાનના ટ્રાન્સફર માટે લાગતી સ્ટેમ્પ ડ્યુટીની માત્ર ૨૦% રકમ જ વસૂલવામાં આવશે, જ્યારે બાકી ૮૦% સુધીની રકમ માફ કરાશે. આ રાહત ખાસ કરીને એવી મિલકતોના ટ્રાન્સફર માટે લાગુ પડશે જે સોસાયટી, એસોસિએશન અથવા નોન-ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટના આધારે આપવામાં આવે છે. આ રાહત ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૯(ક) હેઠળ અમલમાં મૂકવામાં આવી છે.

સતત મળતી દંડની રકમ સાથે મળીને, હવે ખરીદદાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટીની માત્ર ૨૦% રકમ જ ભરવી પડશે. અગાઉ જેટલી કુલ રકમ વસૂલાતી હતી, એ જ વસૂલાશે, પરંતુ વધારાનો કોઈ દંડ ભરવો નહીં પડે.

આ છૂટ માત્ર તેવા કેસમાં લાગુ પડશે જ્યાં મિલકતનો હસ્તાંતરણ સોસાયટી, એસોસિએશન અથવા નોન-ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા એમના એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટના આધારે કરવામાં આવ્યો હોય. રાજ્ય સરકારે ચાર મહિના અગાઉ ટ્રાન્સફર ફી બાબતે પણ મહત્વપૂર્ણ સુધારો કર્યો હતો. હવે હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ સોસાયટી કોઈ પણ મિલકતના ખરીદ/વેચાણ વખતે ટ્રાન્સફર ફી તરીકે કુલ અવેજ રકમના ૦.૫% કે વધુમાં વધુ ૧ લાખ જ વસૂલ કરી શકશે.

રાજ્યમાં હાલ ૩૦,૦૦૦ જેટલી હાઉસિંગ સોસાયટીઓ કાર્યરત છે. અગાઉ કેટલીક સોસાયટીઓ કાયદા વિરુદ્ધ વધારે ફી વસૂલતી હતી. તેને રોકવા માટે રાજ્ય સરકારે ૨૦૨૪માં સહકારી કાયદામાં સુધારા કર્યા છે.

વધુમાં શું શું થશે અમલમાં : સોસાયટીઓ હવે કોઈ પણ પરિસ્થિતિમાં ૧ લાખથી વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહીં. જો મિલકત અવેજ વગર કાયદેસર વારસદારને ટ્રાન્સફર કરવામાં આવે છે, તો પણ કોઈ ફી વસૂલ નહીં થાય. સાથે જ ટ્રાન્સફર સમયે કોઈપણ ડેવલપમેન્ટ ચાર્જ, દાન અથવા અન્ય કોઈ નામે રકમ વસૂલવાની મંજૂરી નહીં હોય.

### રાજ્યમાં જૂન મહિનામાં જ નોંધપાત્ર વરસાદ

# ગુજરાતમાં વરસાદે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

## ૭ જૂને સરેરાશ સંચિત વરસાદ ૭ મીમી હતો જે દર્શાવે છે કે ૨૦ દિવસમાં રાજ્યમાં ૨૫૦ મીમી વરસાદ પડ્યો

| (એજન્સી) અમદાવાદ, તા.૩૦ |

રાજ્યમાં જૂન મહિનામાં જ નોંધપાત્ર વરસાદ વરસી ગયો છે. હવામાન વિભાગે આપેલા આંકડા પ્રમાણે જૂન મહિનો પૂર્ણ થાય તે પહેલા જ ૩૨ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૩૨.૭૩ ટકા વરસાદ વરસ્યો છે. સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૩૫.૭૩ ટકા વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં પણ ૩૨થી ૩૫ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ૩૦ ટકા કરતા ઓછો વરસાદ પડ્યો છે. ભારતીય હવામાન વિભાગના આંકડા અનુસાર, આ વર્ષે ૨૭ જૂન સુધી રાજ્યમાં સામાન્ય કરતાં વધુ વરસાદ ૧૩૫ ટકા અથવા બમણાથી વધુ હતો. રાજ્યભરમાં, સુરત, જામનગર અને ભાવનગર જેવા અનેક જિલ્લાઓમાં છેલ્લા ૧૦ દિવસમાં ભારે વરસાદ નોંધાયો છે. રાજ્યના તમામ પ્રદેશોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે, પરંતુ એસઈઓસીના આંકડા દર્શાવે છે કે ૩૪માંથી ૨૨ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં મોસમી વરસાદના ૨૫ ટકાથી વધુ વરસાદ પડ્યો છે. એસઈઓસી આંકડા મુજબ જૂન મહિનામાં રાજ્યમાં ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ જોરદાર ચોમાસુ હતું. આંકડાનાં પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, છેલ્લા પાંચ વર્ષમાં ૨૭જૂન સુધી સરેરાશ વરસાદ ૧૦.૬ ટકા હતો. સૌથી વધુ, ૧૪ ટકા, ૨૦૨૦માં ૧૧૮ મીમી વરસાદ સાથે નોંધાયેલો હતો.

રાજ્યના વિવિધ ભાગોમાં છેલ્લા કેટલાક દિવસોથી અવિરત મેઘમહેરથી રહી છે. ૨૭ જૂનના શુક્રવારે ગુજરાતમાં સરેરાશ ૨૫૭ મીમી વરસાદ સાથે આ ચોમાસાની સીઝનનો ૩૦ ટકા પડી ગયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટરના આંકડા અનુસાર ૭ જૂને સરેરાશ વરસાદ ૭ મીમી હતો, જે દર્શાવે છે કે ૨૦ દિવસમાં રાજ્યમાં ૨૫૦ મીમી વરસાદ પડ્યો છે, જે સીઝનના કુલ વરસાદના ૨૮ ટકા જેટલો થાય છે. ગુજરાત હવામાન વિભાગના ડિરેક્ટર અશોક કુમાર દાસે જણાવ્યું કે ભારત માટે હવામાન વિભાગની લાંબા અંતરની આગાહી (એલઆરએફ) ભારતમાં સામાન્યથી સામાન્યથી વધુ વરસાદનો સંકેત આપે છે, જે ગુજરાત માટે પણ સાચું હતું.

### EWS સહિતની કેટેગરીમાં પ્રવેશમાં ધાંધિયા થયાની ફરિયાદો

# PTC કોલેજોમાં પ્રવેશ પૂરા થયા પણ મેરિટ યાદી જાહેર ન કરાતાં વિવાદ

## કોલેજોએ પોતાની રીતે વિદ્યાર્થીઓને ફોન કરીને બોલાવીને પ્રવેશ આપી દીધા પણ મેરિટ યાદી જાહેર કરી નથી

| (એજન્સી) અમદાવાદ, તા.૩૦ |



રાજયમાં પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષક બનવા માટે પીટીસી કોલેજોમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ જુદી જુદી કોલેજોએ ફાળવેલા પ્રવેશની ચકાસણી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. ચકાસણી પુરી થયા પછી પણ હજુસુધી કોલેજકક્ષાએ કે પ્રાથમિક શિક્ષણની વેબસાઈટ પર પણ વિદ્યાર્થીઓને ફાળવવામાં આવેલા પ્રવેશની યાદી જાહેર કરવામાં આવી નથી. જેના કારણે પીટીસી પ્રવેશમાં મેરિટની અવગણના થઈ હોવાની આશંકા વાલીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજયમાં એક સમયે પીટીસીમાં પ્રવેશ માટે લાખો રૂપિયાનું ડોનેશન લેવામાં આવતું હતુ. જોકે, આડેધડ કોલેજોને મંજુરી આપવાના કારણે અને પ્રાથમિક શિક્ષણમાં ભરતી ઓછી થવાના કારણે પીટીસી કરેલા હજારો યુવકોને નોકરી ન મળતાં પીટીસીના વળતાં પાણી થયા હતા. આગામી એક દાયકામાં પ્રાથમિક શિક્ષણમાં મોટાપાયે શિક્ષકોની ભરતી થવાની છે તેવી ચર્ચા અને જાહેરાતોના કારણે ફરીવાર ધો.૧૨ પાસ કરેલા વિદ્યાર્થીઓ અન્ય કોર્સ કરવા કરતાં સરકારી નોકરી મળતી હોય તેવા આશયથી પીટીસી કરવા તરફ વળ્યા છે. જેના કારણે ચાલુવર્ષે પીટીસી પ્રવેશમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. જે તે સમયે પીટીસી કોલેજોમાં ધસારો રહેતો હોવાથી કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિ લાગુ કરવામાં આવી હતી.

જોકે, ધીમે ધીમે પીટીસીમાં વિદ્યાર્થીઓ જ મળતાં નહોવાથી પ્રવેશની પ્રક્રિયા જે તે કોલેજોને સોંપી દેવામાં આવી હતી. આમ, હાલમાં કોલેજ દ્વારા મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કામગીરી કરવામાં આવી છે. તાજેતરમાં કોલેજોએ વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવી મેરિટના આધારે પ્રવેશ ફાળવી દીધો છે. જોકે, એકપણ કોલેજ દ્વારા પોતાની બેઠકો પર કયા કયા અને કેટલા મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેની યાદી જાહેર કરી નથી. જે વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો હોય તેમને સીધા ફોન કરીને ફી ભરવા માટેની સૂચના આપવામાં આવી હતી. એટલે કે જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે તેને ખબર છે પરંતુ તેની સાથે અથવા તો આગળ પાછળ કેટલું મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે અથવા તો જે તે કોલેજમાં છેલ્લો પ્રવેશ કેટલા મેરિટ સાથે અટકયો છે તેની કોઇ વિગતો કોલેજોમાં જાહેર કરવામાં આવી નથી.

તાજેતરમાં પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા પણ ગ્રાન્ટેડ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યો છે તેની ચકાસણી શરૂ કરવામાં આવી હતી. હાલમાં ચકાસણીની કામગીરી પુરી થઇ ચુકી છે છતાં વિદ્યાર્થીઓનું મેરિટ જાહેર કરવામાં આવ્યું નથી. હાલની સ્થિતિમાં ૩૫ ગ્રાન્ટેડ, ૪ સરકારી, ૮ ડાયેટ અને ૪૯ સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં ૧૦ હજાર જેટલી બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવી રહ્યો છે.રાજયની કેટલીક પીટીસી કોલેજોમાં ઈઉજી કેટેગરીમાં પ્રવેશ આપવામાં ધાંધિયા અને મેરિટની અવગણના થઈ હોવાની ફરિયાદો પણ બહાર આવી છે. તાજેતરમાં અમદાવાદની એક પીટીસી કોલેજમાં વિદ્યાર્થીને ફોન કરીને EWS કેટેગરીમાં પ્રવેશ મળ્યો હોવાનું જણાવીને ફી ભરવા માટે બોલાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થી ફી ભરવા માટે આવ્યો ત્યારે તેને કહેવામાં આવ્યું કે તારો મેરિટમાં નંબર નથી માટે પ્રવેશ મળશે નહી. આમ, EWS કેટગરીમાં કેટલા અને કઈ રીતે પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તે અંગે કોઈ સ્પષ્ટતાં કરવામાં આવી નથી. તાકીદે પીટીસી કોલેજોમાં અપાયેલા પ્રવેશની મેરિટયાદી જાહેર કરીને કઈ કેટેગરીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે તેની જાહેરાત થવી જોઈએ તેવી માંગણી પણ વાલીઓમાં ઉઠવા પામી છે.

### જામનગરમાં રાજકીય ગરમાવો

# ધારાસભ્યના પુત્રને PM આવાસ યોજનાનો લાભ મળતા વિવાદ

| જામનગર, તા.૩૦ |

ગરીબી રેખા આવતા અને આર્થિક રીતે સધ્ધર ન હોય તેવા પરિવારોને પોતાનું ઘર મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. ઘણી વખત PM આવાસ યોજનાને લઈને છબરડા સામે આવતા હોય છે, ત્યારે જામનગરના ધ્રોલના ધારાસભ્ય મેઘજી ચાવડાના દીકરાએ PM આવાસ યોજનાનો લાભ લીધો હોવાનો RTI (માહિતી અધિકાર) અરજીમાં મોટો ખુલાસો થયો છે. ધારાસભ્યના પુત્રને PM આવાસ યોજનાનો લાભ મળતા વિવાદ સર્જાયો છે અને જામનગરમાં રાજકારણ ગરમાયું છે, ત્યારે સમગ્ર મામલે ધારાસભ્યએ વાત સ્વીકારી છે. MLAના પુત્રએ લાભ મેળવ્યો હોવાના પુરાવા પણ સામે આવ્યા છે. RTIની માહિતી મુજબ, ધ્રોલના ૭૬-કાલાવડ વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય મેઘજી ચાવડાના પુત્ર મોહિત દ્વારા ધ્રોલ નગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના(PMAY) માંથી સહાય મેળવીને પોતાનું મકાન બાંધવાનું કામ પણ શરૂ કર્યું હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાએ ભાજપના વધુ એક ધારાસભ્ય પુત્રને વિવાદમાં લાવી દીધો છે અને 'કયા નિયમો અનુસાર આ લાભ લેવામાં આવ્યો છે?' તેવા અનેક સવાલો ઉભા થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોહિત ચાવડા એક લક્ઝુરિયસ જીવનશૈલી જીવે છે, ત્યારે તેમણે ગરીબો અને મધ્યમ વર્ગ માટેની આવાસ યોજનાનો લાભ લેતા અનેક ભ્રમણાઓ અને પ્રશ્નાર્થ ઊભા થયા છે.

### શિવરંજની વિસ્તારની ઘટના

# પીજીમાં દારૂ પીને ધમાલ કરતા એક યુવતી અને ચાર યુવકને ઝડપાયા

| અમદાવાદ, તા.૩૦ |

અમદાવાદ શહેરના શિવરંજની ચાર રસ્તા પાસે આવેલા વૈભવ એપાર્ટમેન્ટમાં પીજીમાં રહેતા કેટલાક યુવક યુવતીઓને સેટેલાઈટ પોલીસે દરોડો પાડીને ઝડપી લીધા હતા. એપાર્ટમેન્ટમાં ચાલતા પીજીને કારણે સ્થાનિક લોકો ત્રસ્ત હતા અને ધોળા દિવસે પીજીમાં યુવક યુવતીઓ દ્વારા દારૂની પાર્ટી થતી હોવા અંગે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરતા પોલીસે દરોડો પાડીને કાર્યવાહી કરી હતી.શિવરંજની ચાર રસ્તા લોકમાન્ય તીલક કોલેજ પાસે આવેલા વૈભવ એપાર્ટમેન્ટમાં આવેલા ફ્લેટ નંબર ૧૦૦૧માં પીજીમાં રહેતા કેટલાંક યુવક-યુવતીઓ બપોરના સમયે દારૂની પાર્ટી કરી રહ્યા અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં મેસેજ આવ્યો હતો. જેના આધારે સેટેલાઈટ પોલીસે સ્થળ પરથી તપાસ કરતા રાજ સાડીવાલા, તુષાર મહેતા, વિરેન્દ્ર સુથાર ,કલ્યાણ ચૌધરી તેમજ હંમાન્ગ ઝોલન નામની યુવતી દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. જ્યારે અન્ય એક યુવક અને બે યુવતીઓએ દારૂ પીધો નહોતો. પોલીસને સ્થળ પરથી દારૂ ભરેલી બોટલ મળી આવી હતી.આ અંગે સેટેલાઈટ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે એપ ાર્ટમેન્ટમાં ચાલતા પીજીના કારણે પરેશાની વધી ગઈ છે.

### રૂ.૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર થયા

# સુરતમાં ગેરકાયદે ઓનલાઈન ગેમિંગ-ટ્રેડિંગનો પર્દાફાશ

## સમગ્ર મામલે એસઓજીએ ૮ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે

| (એજન્સી) સુરત, તા.૩૦ |

ગુજરાતના સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી સનરાઈઝ ડેવલપર્સ નામની કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં ચાલતા ડબ્બા ટ્રેડિંગ અને ઓનલાઈન ગેમિંગ રેકેટનો સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ પર્દાફાશ કર્યો છે. ગેમિંગ-ટ્રેડિંગ રેકેટમાં લગભગ ૯૪૩ કરોડના આર્થિક વ્યવહાર થયા હોવાનું સામે આવ્યું છે, ત્યારે સમગ્ર મામલે SOGએ ૮ આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરતના મોટા વરાછાના લજામણી ચોક ખાતે સનરાઈઝ ડેવલપર્સ નામની ઓફિસમાં ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોવાની SOGને માહિતી મળી હતી. જેને લઈને SOGની ટીમે ત્યાં દરોડા પાડ્યા હતા. જેમાં જાણવા મળ્ય હતું કે, કન્સ્ટ્રક્શન ઓફિસની આડમાં SEBIની પરવાનગી વગર Castilo 9 અને Stock grow જેવાં સોફ્ટવેર દ્વારા ડબ્બા ટ્રેડિંગ અને વિવિધ પ્રતિબંધિત વેબસાઈટ્સ દ્વારા ઓનલાઈન ગેમિંગનો ધંધો ચાલતો હતો. સમગ્ર મામલે SOGને જાણવા મળ્યું હતું કે, કન્સ્ટ્રક્શનની ઓફિસ સનરાઈઝ ડેવલપર્સમાં ગેરકાયદે રીતે NEXON EXCH.COM, PAVANEXCH સહિતની વિવિધ વેબસાઈટ્સ અને સોફ્ટવેર થકી લાઈવ ક્રિકેટ, ટેનિસ, ફૂટબોલ સહિતની અલગ-અલગ ગેમથી સટ્ટો ચલાવવામાં આવતો હતો. આ માધ્યમ પર આરોપીઓ ગ્રાહકોને આકર્ષવા માટે નફાની લાલચ આપતા અને બ્લેક મનીનું સેટિંગ પણ કરી આપતા હોવાનું સામે આવ્યું છે. આમ ઓનલાઈન ગેમિંગ અને ટ્રેડિંગ દ્વારા ૯૪૩ કરોડના વ્યવહારો થયા છે. જ્યારે ૨૫૦થી વધુ લોકોએ અત્યારસુધીમાં ઓનલાઈન ગેમિંગ અને ટ્રેડિંગ કર્યું હોવાનું સામે આવ્યું છે.

### બનાસકાંઠામાં દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટનો ચુકાદો

# ૩૬ આરોપીઓને એકસાથે આજીવન કેદની સજા ફટકારાઈ

| (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ |

જિલ્લામાં દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં ડીસા ધાણા જમીનમામલે ધીંગાણામાં ૩૬ આરોપીઓને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. ૨૦૦૨નો આ કેસ હતો જેમાં ખેતીની જમીન મામલે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જેના કારણે આ ઘટનામાં ૨ લોકોના મોત નીપજ્યા હતા. સમગ્ર મામલે હાલ દિયોદર એડિશનલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. જેમાં કોર્ટે બંને પક્ષના ૩૬ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો જમીન વિવાદને લઈને ૨૩ વર્ષ અગાઉ બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ૨ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા અને તે સમયે આ કેસ જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. આ મારામારીમાં બંને પક્ષમાંથી બે વ્યક્તિઓના મોત નીપજ્યા હતા. જેને લઈને કોર્ટ દ્વારા કુલ ૩૬ આરોપીઓને દોષિત જાહેર કરી તેમને આજીવન કેદનીસજાફટકારવામાંઆવીછે.જોકેઆકેસમાંબંને પક્ષ બાજુથી વિગતવાર માહિતી જોઈએ તો એક પક્ષના ૨૩ જ્યારે બીજા પક્ષના ૧૭ આરોપીઓમાંથી ૪ આરોપીઓના તો કેસ દરમિયાન જ મોત થયા હતા. હાલ ૩૬ આરોપીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારીને મહત્વનો નિર્ણય આપ્યો છે. જેથી ૩૬ આરોપીઓને એકસાથે આજીવન કેદની સજા મળવાનો આ મુદ્દે જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર મામલો જમીન વિવાદને લઈને હતો. જેમાં ૨૩ વર્ષ બાદ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. ખેતીની જમીન બાબતે બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં ૨ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા.

